RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 322, Dt.4-4-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હિન્દી ચિત્રપટના નાયક 'ભારત'ની અલવિદા

**મનોજકુમારનું ૮૭ વર્ષની વયે નિધનઃ હૃદયરોગનો હુમલો જીવલેણ બન્યો : મનોજકુમાર છેલ્લા કેટલાંક મહિનાથી લિવર સિરોસિસનો સામનો કરી રહ્યા હતા : ઉપકાર, શહીદ, પૂરબ ઔર પશ્ચિમ, ક્રાંતિ જેવી દેશભકિતનાં વિષયની ફિલ્મોથી મનોજકુમારે લોકોના દિલમાં સ્થાન મેળવ્યુ હતું**

**મુખ્ય સમાચાર,મુંબઈ**

બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર આવી રહ્યા છે. હિન્દી ફિલ્મના દિગ્ગજ અભિનેતા અને ફિલ્મ દિગ્દર્શક મનોજ કુમાર હવે આ દુનિયામાં નથી રહ્યા. મનોજ કુમારે ૮૭ વર્ષની ઉંમરે આ દુનિયાને અલવિદા કહી દીધું છે. પીઢ અભિનેતાના નિધનથી ઉદ્યોગમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મનોજ કુમારે સહારા, ચાંદ, હનીમૂન, પૂરબ અને પ?મિ, નસીબ,મેરી આવાજ સુનો, નીલ કમલ, ઉપકાર, પથ્થર કે સનમ, પિયા મિલન કી આસ, સુહાગ સિંદૂર, રેશમી રૂમાલ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. તેમને નેશનલ એવોર્ડ, પદ્મ શ્રી અને દાદા સાહેબ ફાળકે એવોર્ડ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

મનોજ કુમારની માત્ર ફિલ્મો જ હિટ થઈ નથી, પરંતુ તેમના ગીતો પણ લોકોમાં લોક-પ્રિ છે. ઉપકાર ફિલ્મનું ગીત 'મેરે દેશ કી ધરતી' દરેક બાળકના મોઢા પર હોય છે.

મનોજ કુમારને 'ભરત કુમાર' તરીકે પણ ઓળખવામાં આવતા હતા. કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. મનોજ કુમાર ઘણા દિવસોથી બીમાર હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને શુક્રવારે સવારે તેમણે આ દુનિયાને અલવિદા કહ્યું. મનોજ કુમારના મળત્યુના સમાચાર આવ્યા બાદથી, સ્ટાર્સ અને ચાહકો સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

તમને જણાવી દઈએ કે ૨૪ જુલાઈ ૧૯૩૭ ના રોજ જન્મેલા મનોજ કુમારનું સાચું નામ હરિકળષ્ણ ગિરી ગોસ્વામી છે. ફિલ્મોમાં આવ્યા પછી, તેમણે પોતાનું નામ બદલીને મનોજ કુમાર રાખ્યું. મનોજ કુમાર તેમની દેશભક્તિપૂર્ણ ફિલ્મો માટે જાણીતા હતા. આ કારણોસર તેમને બોલિવૂડના 'ભારત કુમાર' કહેવામાં આવતા હતા.

મનોજ કુમાર અભિનયની સાથે તેમના ઉત્તમ દિગ્દર્શન માટે પણ જાણીતા છે. તેમણે ઘણી દેશભક્તિપૂર્ણ ફિલ્મોમાં અભિનય જ નહીં પરંતુ તેનું દિગ્દર્શન પણ કર્યું. ફિલ્મોની વાત કરીએ તો મનોજ તેની 'શહીદ', 'ઉપકાર', 'પૂરબ ઔર પદ્ગમિ' અને 'રોટી કપડા ઔર મકાન', 'દસ નંબરી' અને 'ક્રાંતિ' માટે જાણીતા.છે.




મનોજ કુમારે ભારતીય સિનેમામાં તેમના ઉત્કળષ્ટ યોગદાન બદલ ઘણા પુરસ્કારો જીત્યા છે. ભારત સરકારે તેમને ૧૯૯૨માં પદ્મશ્રી અને ૨૦૧૬માં દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત, તેમને ૧૯૬૮માં 'ઉપકાર' માટે શ્રેષ્ઠ ફિલ્મ, શ્રેષ્ઠ દિગ્દર્શક, શ્રેષ્ઠ વાર્તા અને શ્રેષ્ઠ સંવાદ સહિત ૭ ફિલ્મફેર પુરસ્કારો પણ મળ્યા હતા. તેમને રાષ્ટ્રીય પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

મનોજે પોતાના પાત્રોમાં સરળતા અને ઊંડાણ લાવ્યા, જે દર્શકોના હૃદયને સ્પર્શી ગયા. ૧૯૬૦ અને ૭૦ના દાયકામાં તેમની ફિલ્મોએ ભારતીય સિનેમાને એક નવી દિશા આપી. તેમના યોગદાન બદલ તેમને ૨૦૧૯ માં દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. ક્રાંતિ ફિલ્મનું ગીત આજે પણ દરેક બાળકના હોઠ પર છે.

## મનોજકુમારના લોકપ્રિય ગીતો

* ચાંદ સી મહબુબા...
* આજા તુજકો પુકારે...
* પથ્થર કે સનમ...
* બાબુલ કી દુઆએ લતીજા...
* મેરે દેશ કી ધરતી...
* ભારત કા રહનેવાલા હું...
* તૌબા યે મતવાલી ચાલ...
* કસમે વાદે પ્યાર વફા...
* દીવાનો સે મત પુછો...
* મૈ ના ભુલુંગા...
* જીંદગી કી ના તુટે લડી...
* મહંગાઈ માર ગઈ...
* અબ કે બરસ...
* એક પ્યાર કા નગમા...
* ચાંદ સી મહેબુબા....
* કોઈ જબ તુમ્હારા હૃદય..
* મેરે દેશ કી ધરતી...
* તોબા યે મતવાલી ચાલ...
* ધીરે ધીરે બોલ કોઈ...
* પાની રે પાની તેરા રંગ કૈસા..
* યે પ્રિત જહાં કી રીત સદા..
* દિલ દિયા હૈ જાન ભી દેંગે...
* જહાં ડાલ ડાલ પર સોને કી ...
* કર ચલે હમ ફિદા...

# અમેરિકન ટેરીફને પગલે વિશ્વની બજારોમાં મોટી ઉથલપાથલ

## અમેરિકન શેરમાર્કેટમાં કોવિડકાળ પછીનો એક દિવસનો સૌથી મોટો ઘટાડો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત સહિત દુનિયાભરના દેશો પર અમેરિકાએ ઝીંકેલા ટેરીફથી વિશ્વભરના શેરબજાર-સોના-ચાંદી તથા ચલણ જેવા નાણાંમાર્કેટોમાં જબરી ઉથલપાથલ રહી છે. શેર તથા સોના-ચાંદીમાં કડાકા સર્જાયા હતા. ચલણ માર્કેટમાં ડોલર સામે ભારતીય રૂપિયો ઉંચકાયો હતો.

અમેરિકાના આ કદમથી અમેરિકાને જ માર પડ્યો હોય તેમ તેની શેરમાર્કેટમાં ઈન્વેસ્ટરોની સંપતિમાં ૨.૪ ટ્રીલીયન ડોલરનું ધોવાણ થયુ હતું. અમેરિકામાં નિકાસ કરતા દેશોના ઉત્પાદનો પર ટ્રમ્પે નવા ટેરિફ લાદયા હતા. દુનિયાના દેશોમાં તો તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા જ પરંતુ ખુદ અમેરિકા પણ તેમાંથી બાકાત રહી શક્યુ ન હતું. અમેરિકી ડાઉ જોન્સ ઈન્ડેકસ ૧૪૦૦ પોઈન્ટ ગગડયો હતો. નાસ્ડેકમાં ૧૦૫૦ પોઈન્ટનો કડાકો હતો. એસએન્ડપી ૫૦૦ ઈન્ડેકસ ૨૭૪ પોઈન્ટ ગગડયો હતો. અમેરિકન માર્કેટમાં ૨૦૨૦ના કોવિડકાળ બાદ પ્રથમ વખત સૌથી મોટો એક દિવસીય કડાકો હતો. અમેરિકાની સાથોસાથ બ્રિટન, જર્મની, ફ્રાંસ સહિતના યુરોપીયન માર્કેટ ગબડયા હતા. આજે સવારે જાપાન, સિંગાપોર, મલેશિયા જેવા માર્કેટમાં પણ કડાકો હતો. ભારતીય શેરબજારમાં પણ આજે તીવ્ર પ્રત્યાઘાત સાથે ગાબડા પડયા હતા. ટેરિફની અસર વિશે ચિત્ર સ્પષ્ટ થવા લાગતા અસર આવી હતી. એન્જીનીયરીંગ, જેમ્સ જવેલરી, મોબાઈલ, મેન્યુફેકચરીંગ સહિતના ક્ષેત્રોને ફટકો પડવાની



આશંકાથી ગભરાટભરી વેચવાલી હતી. મોટાભાગના શેરો ગગડયા હતા. ટીસીએસ, ટેક મહીન્દ્ર, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ, એશિયન પેઈન્ટસ, એચસીએલ ટેક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, રિલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ સહિતના શેરો પટકાયા હતા.

# અમેરિકન ટેરીફની જેમ્સ એન્ડ જવેલરી સહિતના ખાદ્ય ઉત્પાદનો પર અસર

## ઉંચા ટેરીફ અમેરિકામાં નિકાસ ઘટાડે તો દેશમાં રોજગારને પણ અસર થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે જાહેર કરેલા ટેરીફના પગલે ભારતમાં વિવિધ ક્ષેત્રો પર ટેરીફની અસર અંગે પ્રાથમીક રીતે પ્રતિભાવ શરૂ થયા છે. હજું અમેરિકાએ આ ટેરીફની જાહેરાત કરી છે અને તે તા.૧૦ એપ્રિલ સુધીમાં પુરી રીતે ૨૭% ટેરીફ લાગુ થશે.

જેના કારણે પ્રાથમીક રીતે જેમ્સ એન્ડ જવેલરી, તૈયાર કપડા, મેડીકલ કપડા અને સી-ફુડ સહિતના ખાદ્ય ઉત્પાદનો પર અસર થશે અને ટેરીફ વધવાથી આઈટી કંપનીઓની મુશ્કેલીઓ પણ વધશે.

જેમ્સ એન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ એ અમેરિકી ટેરીફને મોટો આંચકો દર્શાવતા હવે સરકાર ભણી નજર કરી છે. ભારતની જેમ્સ જવેલરીથી ૧૦ બિલિયન ડોલરની નિકાસ અમેરિકામાં થાય છે.

ભારત અમેરિકાથી થતી આ પ્રકારની જેમ્સ જવેલરી, ચાંદી અને પ્લેટીનમ આયાત પર ૨૦% ટેરીફ લગાય છે તે જ રીતે હવે અમેરિકા પણ ૨૦% ટેરીફ લાદશે. (જે હાલ ઝીરો ટેરીફ છે) અને ગોલ્ડ જવેલરી પર ૭% થઈ શકે છે. ભારતથી અમેરિકામાં નેચરલ અને પોલીશ્ડ ડાયમંડ, ગોલ્ડ, પ્લેટીનમ જવેલરી સહિત જેમ્સ એન્ડ જવેલરી નિકાસ પર ૧૧.૬ બિલિયન ડોલરની છે.

ભારતની કુલ નિકાસના 30% અમેરિકા જાય છે. આ જ રીતે મેડીકલ સાધનોની નિકાસ સામે પણ પ્રશ્ન સર્જાઈ શકે છે. ૨૦૨૩/૨૪માં ભારતમાંથી



અમેરિકામાં ૭૧.૪૪ કરોડ ડોલરના મેડીકલ સાધનોની નિકાસ કરવામાં આવી હતી. એસો. ઓફ ઈન્ડીયન મેડીકલ ડિવાઈસ ઈન્ડસ્ટ્રીના ફોરમ કોઓર્ડીનેટર રાજીવનાથનું કહેવું છે કે અમેરિકાના આ રેસીપ્રોકલ ટેરીફથી નિકાસ સામે જો કે આઈટી ક્ષેત્ર પર ડોનાલ્ડ ટ્રમ્પે કોઈ ટેરીફ લાદયો નથી પણ અમેરિકામાં જે રીતે ટેરીફ વધારાથી આ દેશમાં ફુગાવો વધવાની અને મોંઘવારી વધવાની ધારણા છે. તેના કારણે ભારતના આઈટી ઉદ્યોગને અસર થઈ શકે છે. આઈટી સેવાઓને અસર થશે તેથીજ આઈટી શેર પણ ગઈકાલે ઘટયા હતા. ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં ૩૩ બિલિયન ડોલરની કિંમતની નિકાસ જેમ્સ એન્ડ જવેલરીની છે અને તેને જો અસર થાય તો ધંધા વ્યાપાર ઘટશે.

# લઘુમતીઓને પરેશાન કરવાનો ઈરાદોઃ વક્ફ બિલની મંજૂરી પર ખડગે નારાજ થયા

## બિલના સમર્થનમાં ૧૨૮ અને વિરોધમાં ૯૫ મત પડ્યા હતા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કફ (સુધારા) બિલ પર બંને સદનની મહોર લાગ્યા બાદ પણ વિપક્ષ આકરો વિરોધ નોંધાવી રહ્યું છે. ગઈકાલે લોકસભા બાદ રાજ્યસભામાં પણ ગુરૂવારે ૧૨ કલાકથી વધુ ચાલેલી ચર્ચા બાદ અંતે વકફ સંશોધન બિલને મંજૂરી આપવામાં આવી છે. બિલના સમર્થનમાં ૧૨૮ અને વિરોધમાં ૯૫ મત પડ્યા હતા. એક દિવસ પહેલાં જ લોકસભામાં ૨૮૮ સાંસદોના સમર્થન સાથે વક્ફ બિલ પર મહોર વાગી હતી. હવે આ બિલ રાષ્ટ્રપતિ પાસે મંજૂરી લેવા મોકલવામાં આવ્યું છે. તેમની મંજૂરી મળતાં જ કાયદો બની જશે.

વક્ફ બિલ સંસદમાં પસાર થતાં જ વિપક્ષોએ સોશિયલ મીડિયા પર ડ પર પોસ્ટ કરી મોટાપાયે વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લખ્યું હતું કે, વક્ફ બોર્ડ સંશોધન બિલે દેશમાં એવો ખરાબ માહોલ સર્જ્યો છે. લઘુમતીઓને હેરાન કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. લોકસભામાં મોડી રાત્રે આ બિલને મંજૂરી આપવામાં આવી. કેમ આવુ થયું? તેનો અર્થ બિલમાં ઘણી ખામીઓ છે. વિવિધ પક્ષના વિરોધ બાદ પણ જબરદસ્તીથી આ બિલને મંજૂર કરાવવામાં આવ્યું છે. જીસકી લાઠી, ઉસકી ભેંસ. કોઈ માટે પણ આ યોગ્ય નથી.

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે વક્ફ બિલ મુદ્દે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, ભાજપના લોકો મુસલમાન ભાઈઓની વક્ફની જમીનની નોંધ લેવાની વાતો કરી રહ્યા છે. બીજી તરફ મહાકુંભમાં જે હિન્દુઓ માર્યા ગયા, તેમની નોંધ લેવાના બદલે તેમની વાત પર પડકદો નાખી રહ્યું છે. વક્ફ બિલ આખા વિશ્વને ખોટો સંદેશ આપશે. જેનાથી દેશની નિરપેક્ષ છબિને નુકસાન થશે. વક્ફ બિલ ભાજપની નફરતની રાજનીતિનું એક ઉદાહરણ છે.



રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવે જણાવ્યું હતું કે, સંઘ-ભાજપના નાદાન લોકો તમે મુસ્લિમોની જમીન હડપવા માગો છો. પરંતુ તમે વક્ફની જમીન વેચવા માટે એક મોટો કાયદો બનાવ્યો છે. મને દુઃખ છે કે, લઘુમતીઓ, ગરીબો, મુસ્લિમો અને બંધારણને નુકસાન કરવાના આ કપરાં કાળમાં હું સંસદમાં હાજર રહી શક્યો નહીં. નહીં તો હું એકલો જ તમારી સામે પૂરતો હતો. તમારા લોકોના વિચારો, વિચારસરણીને લઈને ચિંતામાં છું.

# વકફ સંશોધન ખરડાને પરિણામે હાશિયામાં ધકેલાયેલા લોકોને આશરો મળશે :મોદી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વકફ સંશોધન ખરડાને સંસદની મંજુરી પર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટવીટ કરતા લખ્યુ કે લાંબા સમયથી હાશિયામાં રહેલા લોકોને હવે સહારો મળશે. વડાપ્રધાને કહ્યું કે વકફ સંશોધન ખરડો એ સામાજીક, આર્થિક ન્યાય પારદર્શકતા અને સર્વાંગી વિકાસને માટે આપણા સામુહિક પ્રયાસની એક મહત્વપૂર્ણ ક્ષણ છે અને તેનાથી ખાસ કરીને એ લોકોને મદદ મળશે. જે લાંબા સમયથી એક બાજુ ધકેલાઈ ગયા હતા અને તેઓને અવાજ તથા અવસર બન્નેથી વંચિત રાખવામાં આવતા હતા. શ્રી મોદીએ આ પોષ્ટમાં વધુમાં લખ્યું કે દશકોથી વકફ વ્યવસ્થામાં પારદર્શકતા અને જવાબદેહીની સ્થિતિ રહી નથી.



ખાસ કરીને મુસ્લીમ મહિલાઓ ગરીબ મુસલમાનો અને પસમાંદા મુસલમાનોને નુકશાન થયુ છે. સંસદે હવે કાનૂન બનાવતા તેમાં પારદર્શકતા વધશે અને લોકોના અધિકારોની રક્ષા પણ થશે. મોદીએ આગળ લખ્યું કે, આપણે હવે એવા યુગમાં પ્રવેશી રહ્યા છે. જયારે સમગ્ર વ્યવસ્થા એ વધુ આધુનિક અને સામાજીક ન્યાય પ્રત્યે સંવેદનશીલ હશે અને અમો પ્રત્યેક નાગરિકની ગરિમાને પ્રાથમીકતા દેવા પ્રતિબદ્ધ છીએ અને આ જ રીતે એક મજબૂત અને સર્વાંગી તથા અધિક દયાળુ ભારતનું નિર્માણ થશે.


# સૌરાષ્ટ્ર-કચ્છમાં સૂર્ય દેવતા સતત આકરો મિજાજઃ હજુ હિટ વેવની આગાહી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં સૂર્ય દેવતા સતત આકરો મિજાજ દેખાડી રહ્યા છે અને ગઈકાલે જ રાજકોટ, સુરેન્દ્રનગર, ભુજ, સહિત છ શહેરોમાં ૪૦ થી ૪૩ ડિગ્રી સુધીનું કાળઝાળ તાપમાન નોંધાયું હતું. ગઈકાલે સતત ત્રીજા દિવસે સુરેન્દ્રનગરમાં નોંધાયેલું મહત્તમ ૪૩ સે. તાપમાન એ દેશમાં સૌથી વધારે હોવાનું મૌસમ વિભાગે જાહેર કર્યું છે. ગુજરાતમાં ધરતી જાણે કે ધગધગી રહી છે એ સૌરાષ્ટ્ર-કચ્છમાં આવતીકાલથી તા. ૮ સુધી એટલે કે ૫ દિવસ સુધી હીટવેવનું ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરાયું છે. આજે સુરેન્દ્રનગર ઉપરાંત ભૂજમાં ૪૨.૮ અને રાજકોટમાં ૪૨.૭ સાથે પારો ૪૩ સે.નજીક પહોંચ્યો હતો.

રાષ્ટ્રીય મૌસમ વિભાગ અનુસાર તા. ૪થી ૧૦ સુધીના સપ્તાહમાં સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની ૬૮ ટકાથી ૧૦૦ ટકા સુધી એટલે કે સૌથી વધારે શક્યતા છે જ્યારે બાકીના ગુજરાતમાં હીટવેવ આવે તેવી મધ્યમ શક્યતા છે.

આવતીકાલ તા. ૪ અને તા. ૫ના પોરબંદર,રાજકોટ,જુનાગઢ, કચ્છમાં હીટવેવની ચેતવણી છે. જ્યારે તા. ૬થી આ જિલ્લાઓ ઉપરાંત મોરબી, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા,સાબરકાંઠા જિલ્લામાં પણ હીટવેવની ચેતવણી અપાઈ છે અને આ દિવસથી પોરબંદર ઉપરાંત રાજકોટ,કચ્છ માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. સામાન્ય રીતે એપ્રિલના ત્રીજા સપ્તાહથી ધોમધખતો તાપ શરૂ થતો હોય છે .




પરંતુ, આ વખતે આભમાંથી અગનવર્ષા વહેલી થઈ રહી છે અને માર્ચમાં અસામાન્ય ઉંચા તાપમાન સાથે હીટવેવ બાદ હવે એપ્રિલની શરૂઆતમાં ઉષ્ણલહરનો દોર શરૂ થયો છે. આજે અમરેલી, જુનાગઢ, કેશોદ, કેશોદ, ડીસામાં પણ તાપમાન ૪૧ સે.એ પહોંચ્યું હતું જ્યારે કંડલામાં ૪૨ સે. નોંધાયું છે. અમદાવાદમાં ૪૦, સિવાય ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં એકંદરે તાપાન ૪૦ સે. નીચે રહ્યું હતું. પરંતુ, મૌસમ વિભાગના પૂર્વાનુમાન મૂજબ રાજકોટ, ભૂજમાં આગામી ૫ દિવસમાં પારો ૪૩-૪૪સુધી ઉંચો રહેવાની શકયતા છે.

# ગાઝા સ્કૂલ પર ઈઝરાયલી હુમલોઃ લડાકુ વિમાનોએ બોમ્બ ફૈંકયાઃ મહિલાઓ અને બાળકો સહિત 33 લોકોના મોત

**મુખ્ય સમાચાર,અલ બલાહ**

ઈઝરાયલી ફાઈટર જેટ્સે ગુરુવારે ગાઝા પટ્ટીમાં વિનાશ વેર્યો હતો. ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ લોકો માર્યા ગયા. આમાં ઉત્તર ગાઝામાં એક શાળા પર હવાઈ હુમલો પણ સામેલ છે, જેમાં આશ્રય લેતા ૩૩ લોકો માર્યા ગયા હતા. સ્કૂલ બોમ્બ વિસ્ફોટમાં ૭૦ લોકો ઘાયલ થયા છે.

પેલેસ્ટાઈનના સ્વાસ્થ્ય અધિકારીઓએ આ જાણકારી આપી. તાજેતરના સમયમાં ઈઝરાયલે તેના હુમલાનો વ્યાપ વધારી દીધો છે. ઈઝરાયેલની સૈન્યએ કહ્યું છે કે તેણે હમાસ પર નવું દબાણ લાવવા અને આખરે તેને બહાર કાઢવાના હેતુથી આક્રમક કામગીરી વધારી છે.

૧૪ બાળકો અને ૫ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા છે.પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા ઝહેર અલ-વાહિદીએ જણાવ્યું હતું કે ગાઝા શહેરના તુપફાહમાં એક શાળામાંથી ૧૪ બાળકો અને પાંચ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા હતા.

પરંતુ ૭૦ ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. અહલી હોસ્પિટલના રેકોર્ડને ટાંકીને તેમણે કહ્યું કે નજીકના હિજૈયા વિસ્તારમાં મકાનો પર હુમલામાં ગાઝાના અન્ય ૩૦ થી વધુ રહેવાસીઓ માર્યા ગયા હતા. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેણે ગાઝા સિટી



વિસ્તારમાં 'હમાસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર' પર હુમલો કર્યો. તેણે કહ્યું કે તેણે નાગરિકોને નુકસાન ઓછું કરવા માટે પગલાં લીધાં છે. સેનાએ ગુરુવારે ઉત્તર ગાઝાના કેટલાક ભાગોમાં રહેવાસીઓને ગાઝા શહેરના પશ્ચિમ ભાગમાં આશ્રય લેવાનો આદેશ આપ્યો હતો. તેણે ચેતવણી પણ આપી હતી કે તેણે 'વિસ્તારમાં અતિશય બળ સાથે કાર્ય' કરવાની યોજના બનાવી છે.

લક્ષિત વિસ્તાર છોડીને જતા ઘણા પેલેસ્ટિનિયનોએ પગપાળા આવું કર્યું, કેટલાક તેમની પીઠ પર તેમનો સામાન લઈને અને કેટલાક ખચ્ચર ગાડાનો ઉપયોગ કરીને. ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ બુધવારે કહ્યું કે ઈઝરાયેલ ગાજામા નવી સુરક્ષા સ્થાપિત કરી રહ્યું છે.

# વાંકાનેરમાં તેરા તુજકો અર્પણ હેઠળ ૮ મોબાઈલ શોધી મૂળ માલીકને પરત કરાયા

## CEIR પોર્ટલ દ્વારા વાંકાનેર પોલીસનું સફળ સંશોધન, ૮ પૈકી ૧ ફ્લિપકાર્ટમાં સેકન્ડ-હેન્ડ વેચાણ થયેલ મોબાઈલ પરત લીધો



**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ CEIR પોર્ટલનો ઉપયોગ કરી ૮ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. જેની અંદાજિત કિંમત રૂ.૨,૬૩,૯૮૯/- હતી. જે પૈકી એક ગુમ થયેલો મોબાઈલ ફ્લિપકાર્ટ ઉપર સેકન્ડ-હેન્ડ મોબાઈલ તરીકે વેચાયો હોવાની જાણ થતાં, વાંકાનેર પોલીસ ટીમે ટેક્નિકલ મોનિટરિંગ અને સતત સંપર્ક દ્વારા તે પરત પ્રાપ્ત કરવામાં આવ્યો હતો. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાની સુચનાથી વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન દ્વારા પ્રજાહિતમાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી હતી. જેમાં વાંકાનેર સીટી પોલીસ મથકના પીઆઈ એચ.એ. જાડેજાના સુપરવિઝન હેઠળ, અનાર્મ પો.કોન્સ. ભરતભાઈ દલસાણીયા દ્વારા CEIR પોર્ટલમાં ગુમ થયેલા મોબાઈલની એન્ટ્રી કરવામાં આવી હતી, સતત મોનિટરિંગ અને ટેકનિકલ વિશ્લેષણ દ્વારા કુલ ૮ મોબાઈલ મળી આવ્યા હતા. જે પૈકી અરજદારનો વનપ્લસ બ્રાન્ડનો મોબાઈલ ફ્લિપકાર્ટ ઉપર સેકન્ડ-હેન્ડ મોબાઈલ તરીકે વેચાયા હોવાની માહિતી મળતાં, પોલીસ ટીમે ફ્લિપકાર્ટ કંપનીના કર્મચારી સાથે સતત સંપર્કમાં રહી તેને શોધી કાઢ્યો અને મૂળ માલિકને પરત કર્યો હતો. આમ, CEIR પોર્ટલનો ઉપયોગ કરી એક સાથે કુલ-૦૮ મોબાઈલ ફોન પરત અપાવી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે. એ સુત્ર વાંકાનેર સીટી પોલીસે સાર્થક કરેલ છે.

# માળીયા(મી)ના વવાણીયા ગામમાં અટલ સ્વાન્તઃ સુખાય યોજના હેઠળ ગર્ભસંસ્કાર કાર્યક્રમ યોજાયો

## ગર્ભસંસ્કારથી ભવિષ્યની રચનાઃપ્રોજેક્ટ અભિમન્યુ હેઠળ ૩૦ સગર્ભા માતાઓ ગર્ભસંસ્કાર વિધિમાં જોડાયા



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના માળીયા તાલુકાના વવાણીયા ગામમાં નઅટલ સ્વાન્તઃ સુખાય યોજનાથ હેઠળ ગર્ભસંસ્કાર માટે પ્રોજેક્ટ અભિમન્યુનો આરંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ૩૦ સગર્ભા માતાઓએ ગાયત્રી પરિવાર દ્વારા ગર્ભસંસ્કાર વિધિ કરી હતી. જે બાદ આરોગ્ય વિભાગ દ્વારા તમામ સગર્ભા માતાઓની તબીબી તપાસ કરવામાં આવી હતી. તદુપરાંત, આશરે ૨૦૦ સગર્ભા મહિલાઓ માટે ત્રણ મહિના સુધી પૌષ્ટિક સુખડી વિતરણની શરૂઆત માતૃ શ્રી રામબાઈ માં મંદિરના યજમાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. અટલ સ્વાન્તઃ સુખાય યોજના અંતર્ગત ગર્ભ સંસ્કાર એટલે આવનારા બાળકના ગુણોને પાયામાંથી શીખ અપાવી. આપણા શાસ્ત્રોમાં ૧૬ સંસ્કારની વાત કરવામાં આવી છે, તેમાનો એક સંસ્કાર એટલે ગર્ભ-સંસ્કાર, ત્યારે મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિ તેમજ નાયબ જીલ્લા વિકાસ અધિકારી એસ.સી ભટ્ટના માર્ગદર્શન હેઠળ અટલ સ્વાન્તઃ સુખાય યોજના અંતર્ગત પ્રોજેક્ટ અભિમન્યુ શરૂ કરવામાં આવેલ છે. માળીયા ઘટકના વવાણીયા ગામે માતૃ શ્રી રામબાઈ માં મંદિર વવાણીયાની જગ્યામાં તારીખ ૩ એપ્રિલના રોજ ગર્ભ-સંસ્કાર કાર્યક્રમનું આયોજન જીલ્લા વિકાસ અધિકારી જે એસ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને અને માતુશ્રી રામબાઈમાં જગ્યાના સંતશ્રી પ્રભુદાસ મંદિરના પ્રમુખ જશુભાઈ રાઠોડ ઉપપ્રમુખ જેસંગભાઈ હુંબલ ટ્રસ્ટી જેઠા ભાઈ મિયાત્રા ખજાનચી મેણદ ભાઈ ડાંગર તથા ટ્રસ્ટી ગણો તથા જીલ્લા પ્રોગ્રામ ઓફિસર મયુરીબેન એચ. ઉપાધ્યાય, છઈંઈઘ સંજય શાહ, માળીયા તાલુકા વિકાસ અધિકારી ભૌમિક ચૌધરી, બાળ વિકાસ યોજના અધિકારી ઉષાબેન ભીમાણી, મેડીકલ ઓફીસર તથા માળીયા આઈ.સી.ડી.એસ. શાખાના સ્ટાફ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં માળીયા ઘટકના સર્વ ધર્મોના ૩૦ સગર્ભા માતાએ સંસ્કારી બાળકો માટે ગર્ભસંસ્કારની વિધિ ગાયત્રી પરિવારના સભ્યો દ્વારા કરાવવામાં આવેલ, તેમજ આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા માતાઓની આરોગ્ય તપાસ કરાવવામાં આખી હતી. સગર્ભા મહિલાના સારા સ્વાસ્થય માટે પ્રોજેક્ટ અભિમન્યુ અંતર્ગત માળીયા ઘટકની આશરે ૨૦૦ સગર્ભા મહિલા લાભાર્થીને અઠવાડિયામાં એક વાર તેમ ૩ મહિના સુધી સુખડી આપવાની હોય તે હેતુંથી આજે અન્નપૂર્ણા દેવી માતુશ્રી રામબાઈ માં મંદિર વવાણીયા ટ્રસ્ટ દ્વારા મંદિરની જ ગૌશાળાના શુદ્ધ ગાયના ઘી માંથી તૈયાર કરી સુખડી સગર્ભા મહિલાઓને અર્પણ કરી મુખ્ય દાતા બની ઉતમ ઉદાહરણ પૂરું પાડેલ છે.

તદપરાંત માતુશ્રી રામબાઈમાં મંદિર વવાણીયા અનેક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે તેમાં મેડિકલ કેમ્પ તથા મેડિકલ સાધનો વિનામૂલ્ય વિતરણ તેમજ બારે માસ અન્નશ્રેત્ર ચાલુ રાખી તેમજ ગૌશાળા અને પક્ષી માટે અનેક પ્રવૃતિ અને સેવા કાર્ય કરવામાં આવે છે.

# મોરબી પોલીસ દ્વારા ટ્રાફિક જાગૃતિ અને સાયબર ક્રાઈમ અંગે બાળકોએ જાહેર જનતાને આપ્યો સંદેશ






મોરબી જીલ્લાના વાંકાનેરમાં નવા વઘાસીયા ગામે પોલીસ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સાથે રાખી ટ્રાફિક નિયમોની જાગૃતિ લાવવા અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી. નાના ભુલકાઓએ નેશનલ હાઈવે પર વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટના મહત્વ અંગે સમજાવી અને ગુલાબનું ફુલ આપીને ટ્રાફિક નિયમો પાલન કરવાની અપીલ કરી હતી. મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી દ્વારા મોરબી જીલ્લામા ટ્રાફીક નિયમોની તથા સાયબર ક્રાઈમ અંગે જાગૃતતા તેમજ પોક્સો એક્ટ મુજબના કાર્યક્રમો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ સારડાના માર્ગદર્શન હેઠળ બક્નેર સીટી પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાની સુચનાથી નવા વઘાસીયા ગામની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ટ્રાફીક નિયમોની જાગૃતતા, સાયબર ક્રાઈમ અંગે જાગૃતતા આવે તથા પોક્સો એક્ટ મુજબ માહિતી આપી માહીતગાર કર્યા હતા. જે બાદ બાળકોને સાથે રાખી વઘાસીયા ટોલનાકા પાસે નેશનલ હાઈવે ઉપર અવર-જવર કરતા વાહન ચાલકોમા ટ્રાફીક નિયમો અંગે જાગૃતતા આવે તે સમજાવવા માટે નસ્ત્રબાળકો સમજાવે હવે તો સમજો નો અભિગમ અપનાવી હેલ્મેટ પહેરવા માટે તથા સીટ બેલ્ટ બાંધવા માટે સમજાવી નાના બાળકો દ્વારા ગુલાબના ફુલ આપી ટ્રાફીક નિયમનું પાલન કરવા માટે સમજાવવામા આવેલ હતા. જન જાગૃતીના આ ક્રાયક્રમ કરવામા વઘાસીયા ટોલ-પ્લાઝાના મેનેજર તથા વઘાસીયા પ્રાથમીક શાળાના શિક્ષકોએ સંપૂર્ણ સહકાર આપી આ અભિગમમાં સહભાગી થયા હતા.

# જામનગરના બેડીમાં તંત્રનું મેગા ડિમોલિશન સાયચા બંધુઓના ગેરકાયદેસર બાંધકામો પર દાદાનું બુલડોઝર ફર્યું





જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અનધિકૃત ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી સતત ચાલી રહી છે. જેના ઉપક્રમે જામનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ બેડી ખાતે અસામાજિક તત્વો દ્વારા સરકારી જમીન પર ઉભા કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણો દૂર કરી અંદાજિત ૫૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવી છે.બેડી ખાતે અસામાજિક તત્વો દ્વારા જાહેર જગ્યા પર ગેરકાયદેસર મકાનો તથા અન્ય બાંધકામો કરી સરકારી જગ્યામાં દબાણ કરવામાં આવેલ હતું. જે જમીનની અંદાજીત બજાર કિંમત રૂ.૧૦ કરોડ જેટલી થાય છે.જે તમામ જમીન પરના ગેરકાયદેસર દબાણો તંત્ર દ્વારા દૂર કરવામાં આવ્યા છે.આ અંગે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું કે જામનગર મહાનગરપાલિકાના બેડી વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા જે ગેરકાયદેસર બાંધકામો તથા સરકારી જમીન પર અનઅધિકૃત દબાણો કરાયા હતા તે જિલ્લા વહીવટી તંત્ર તથા જામનગર જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત કામગીરી કરી દૂર કરવામાં આવ્યા છે તેમજ ૫૩,૮૦૦ ચો.ફૂટથી વધુ જમીન ખુલ્લી કરાઈ છે.તેમજ આ ખુલ્લી કરાયેલ જમીનની બજાર કિંમતે અંદાજીત રૂ.૧૦ કરોડ જેટલી થાય છે.આ તમામ દબાણો દૂર કરી ખુલ્લી કરવામાં આવેલ આ જમીનનો સરકાર પક્ષે પૂનઃ કબજો મેળવવામાં આવેલ છે.અનધિકૃત દબાણો દૂર કરવાની આ કામગીરીમાં જિલ્લા કલેક્ટર સાથે પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તથા આર.બી.દેવધા સહિત સંલગ્ન વિભાગોના કર્મચારીઓ તથા પોલીસ જવાનો જોડાયા હતા.

# ચાર સંતાનો સાથે માતાએ કૂવામાં ઝંપલાવ્યુંઃ પાંચેયનાં મોત

## બે પુત્ર અને બે પુત્રી સાથે માતાએ આત્મહત્યા કરી લેતા સુમરા ગામમાં અરેરાટી : પોલીસ દ્વારા અંતિમ પગલા પાછળનું કારણ જાણવા તપાસનો ધમધમાટ


**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના નાના એવા સુમરા ગામમાં માતાએ ૪ સંતાનો સાથે સામુહીક આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. જો કે મોતનું કારણ અકબંધ છે અને ધ્રોલ પોલીસે વધુ તપાસ હાથધરી છે. આજે સવારે પાંચેય મૃતકોની અંતિમવિધી કરવામાં આવતા આખુ ગામ હિબકે ચડયું હતું.


પ્રાથમિક વિગતો અનુસાર ધ્રોલ તાલુકાના સુમરા ગામે કોઈ અગમ્ય કારણોસર માતાએ પોતાના ચાર સંતાનો કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લેતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે. આ ઘટનાએ સમગ્ર ગામમાં અરેરાટી અને શોકનો માહોલ સર્જ્યો છે. મળતકોમાં માતા ભાનુબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૩૨) અને ચાર સંતાનો - (૨) આયુષ જીવાભાઈ ટોરીયા (ઉંમર ૧૦), (૩) આજુબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૮), (૪) આનંદીબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૪) અને (૫) ઋત્વિક જીવાભાઈ ટોરીયા, (ઉ.વ. ૩) સાથે કૂવામાં ઝંપલાવીને જીવ દીધો હતો,આ ઘટના બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી, પરંતુ પાંચેયનાં મોત નીપજ્યાં હતાં. મળતદેહોને ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પરિવારના સભ્યોએ એકસાથે આપઘાત કરી લેતાં ગામમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. પોલીસ અને આગેવાનોની ઘટનાની જાણ થતાં જ ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં પોલીસ અને સ્થાનિક આગેવાનો દોડ્યા, જામનગર ગ્રામ્ય ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, ધ્રોલ પોલીસ પી.આઈ. એચ.પી. રાઠોડ અને ધ્રોલ મામલતદાર સહિતનો પોલીસ સ્ટાફ ધ્રોલ સરકારી હોસ્પિટલ પહોંચ્યા.


આ ઉપરાંત, કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના સદસ્ય લગધીરસિંહ જાડેજા, નવલભાઈ મુંગરા, રસીકભાઈ ભંડેરી, ધ્રોલ તાલુકા પ્રમુખ પ્રદીપસિંહ જાડેજા,













જયંતીભાઈ કગથરા, રાવતભાઈ શિયાર અને ગોકળભાઈ વરુ, સહિત ભરવાડ સમાજના આગેવાનો ધ્રોલ સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા.(૨.૭)

ભાનુબેનનો કાળ ફરતો હતોઃ બાળકોને શાળાએથી તેડીને બપોર નજીક સંતાનો સાથે આ પગલું ભર્યું

ધ્રોલ તાલુકાના સુમરા ગામે ભરવાડ પરિવારની મહીલા ભાનુબેને જીવનનો અંત લાવવા માટે નક્કી કર્યા બાદ બાળકોને સાથે રાખીને આપધાત કરવા માટે બાળકોને શાળાએથી લાવીને ગામની બહાર સ્મશાન નજીક પાણી ભરેલા પહેલા ચારેય બાળકોને નાખીને પોતે કુવામાં ઝંપલાવી આપઘાત કરી લીધાનું જાણવા મળે છે અને માત્ર ૬ માસની બાળકીને ઘરે જીવીત મુકી દીધી હતી

# હળવદમાં અપહરણ કેસના આરોપી તથા ભોગ બનનારને બગસરાથી ઝડપી લેતી એ.એચ.ટી.યુ. ટીમ



**મુખ્ય સમાચાર,મોરબી**


મોરબી જીલ્લાની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૬ મહિના પહેલા અપહરણના કેસમાં આરોપી અને ભોગબનનાર બંનેને અમરેલી જીલ્લાના બગસરા ગામથી ઝડપી પાડ્યા હતા. આરોપી નિખીલ રામલાલ ભીલ, જે મધ્યપ્રદેશનો રહેવાસી છે, તેને ઈટોના ભઠ્ઠા પરથી પકડવામાં આવી હસ્તગત કરી હળવદ પોલીસ મથક ખાતે સોંપવામાં આવેલ છે.

મોરબી જીલ્લા પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ દ્વારા જીલ્લામાં અપહરણ અને ગુમ થયેલા લોકોની શોધખોળ માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે. તે દરમિયાન અ.ઈ.ઝ.ગ. ટીમના પો.હેડ કોન્સ્ટેબલ નંદલાલ ડી. વરમોરા અને અરવિંદસિંહ પરમારને મળેલ ખાનગીરાહે બાતમી મળી હતી કે હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ કેસના ગુનામાં સંડોવાયેલો આરોપી નિખીલ રામલાલ ભીલ રહે.ગામ-સાગૌની કલા તા.કોલુઆ જી.ભોપાલ મધ્યપ્રદેશ હાલ અમરેલી જીલ્લાના બગસરા ગામના નદીપરા વિસ્તાર, ધારી રોડ ઉપર આવેલી ઈટ્ટના ભઠ્ઠા પર કામ કરી રહ્યો છે. જેથી મળેલ બાતમીને આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ તરત જ બગસરા ખાતે પહોંચીને આરોપી અને ભોગબનનારને હસ્તગત કરી હળવદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

આ સફળ કામગીરી મોરબી એ.એચ.ટી.યુ.ના પીઆઈ કે.કે. દરબાર, એએસઆઈ ફુલીબેન ઠાકોર, હેડ કોન્સ.નંદલાલ વરમોરા, અરવિંદસિંહ પરમાર અને બકુલભાઈ કાસુન્દ્રા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# મોરબીની સાર્થક વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ વિવિધ શહેરોમાં પ્રાચીન ગરબા રજૂ કરશે

## માધવપુર મેળામાં મોરબીની દીકરીઓનું વિશેષ પરફોર્મન્સ




**મુખ્ય સમાચાર,મોરબી**

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ માધવપુર મેળા ૨૦૨૫ અંતર્ગત, મોરબીની સાર્થક વિદ્યામંદિરની ૧૬ વિદ્યાર્થીનીઓ પ્રાચીન ગરબાનું મોહક પ્રદર્શન કરશે. આ મેળાના ભાગરૂપે સુરત, વડોદરા, અમદાવાદ, સોમનાથ, માધવપુર અને દેવભૂમિ દ્વારકામાં તા. ૧ એપ્રિલથી ૧૦ એપ્રિલ સુધી એમનું પરફોર્મન્સ થશે. કરિયોગ્રાફર રવિરાજભાઈના માર્ગદર્શન હેઠળ, મોરબીની દીકરીઓ સમગ્ર રાજ્યમાં જીલ્લાનું ગૌરવ વધારશે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે આયોજિત ઈન્ટરનેશનલ માધવપુર મેળો, ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતો મહોત્સવ છે. આ વર્ષે, દેશભરના ૧૬૦૦ થી વધુ કલાકારો વિવિધ શહેરોમાં મેગા ઈવેન્ટ્સમાં પોતાની કલાને પ્રસ્તુત કરી રહ્યા છે. આ મેળા અંતર્ગત, મોરબીની સાર્થક વિદ્યામંદિરની ૧૬ જેટલી વિદ્યાર્થીનીઓને પ્રાચીન ગરબા રજૂ કરવાની ખાસ તક મળી છે. તેઓ સુરત, વડોદરા, અમદાવાદ, સોમનાથ, માધવપુર અને દેવભૂમિ દ્વારકામાં ૧ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન પોતાની નૃત્યકલા દ્વારા રાજ્યના સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરશે. આ પરફોર્મન્સ માટે રવિરાજભાઈએ કોરિયોગ્રાફી કરી છે. મોરબી જીલ્લા યુવા વિકાસ વિભાગ અને અધિકારી હિરલબેન વ્યાસની આગેવાની હેઠળ, કલાકારોને રાજ્યવ્યાપી મંચ મળી રહ્યો છે, ત્યારે મોરબીની સાર્થક વિદ્યામંદિરની દીકરીઓ ગુજરાતના વિવિધ મેગા સિટીમાં જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, જે મોરબી માટે ગૌરવની ક્ષણ છે.

# જામનગરના એસપી પ્રેમસુખ ડેલુ એ પોતાના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકો સાથે કરીને સંવેદના વ્યક્ત કરી



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુનો જન્મદિવસ હતો, જેઓએ પોતાના જન્મદિવસની ઉજવણી મનો દિવ્યાંગ બાળકો સાથે કરીને તેઓને ખુશી આપવા નો પ્રયત્ન કરીને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ વેળાએ તેમની સાથે તેઓના પત્ની તથા જામનગર જિલ્લાના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા હતા.

જામનગરના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ પોતાનો જન્મદિવસ દિવ્યાંગ બાળકો સાથે મનાવ્યો હતો. જ્યારે અત્યાર સુધી સામાન્ય રીતે જન્મ દિવસની ઉજવણી તેઓ કરતા નથી, પણ આ વર્ષે ઓમ ટ્રેનિંગ સેન્ટર જેમાં માનસિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ બાળકોની તાલીમ સંસ્થા આવેલી છે તેમાં બાળકો સાથે મનોરંજન ડાન્સ તેમજ બાળકોને આનંદ કરાવી પોતાનો જન્મદિવસ દિવ્યાંગ બાળકો સાથે મનાવ્યો હતો, અને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી.જેમાં જામનગર એસ.પી. પ્રેમસુખ ડેલૂ સજોડે હાજર રહ્યા હતા, જ્યારે જામનગર જિલ્લા ના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ.એસ.પી. પ્રતિભા, ગ્રામ્ય વિભાગના ડી.વાય.એસ.પી. રાજેન્દ્ર દેવધા, શહેર વિભાગના ડી.વાય.એસ.પી.જયવીરસિંહ ઝાલા, પોલીસ હેડક્વાર્ટર ના ડી.વાય.એસ.પી. વિ.કે પંડ્યા, સિટી સી. ડિવિઝન ના પી.આઈ. ચાવડા, એલ.સી.બી.ના પી.એસ.આઈ. પી. એન. મોરી સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેઓની સાથે ઓમ ટ્રેનીંગ સેન્ટર ના સંચાલક ડીમ્પલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા, અને સંસ્થાના આગેવાનો હાજર રહ્યા હતા. અને જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ એ દિવ્યાંગ બાળકો સાથે આનંદ પ્રમોદ સાથે પોતાની જન્મદિવસની અનોખી ઉજવણી કરી હતી.

# નવાગામ ના વેપારી સાથે ૯૬ લાખની છેતરપીંડીમાં વધુ ૧ આરોપીની ધરપકડ

## સાઈબર ક્રાઈમે અમદાવાદથી વચેટીયાને ઝડપી પાડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એરપોર્ટ રોડ ઉપર રોયલ ઓર્ચિડમાં રહેતા અને નવાગામ ખાતે અતુલ એન્ટરપ્રાઈઝ નામે ઓટો પાટ્ર્સનું વેરહાઉસ ધરાવતા કૃણાલભાઈ જંતીભાઈ ચાંદ્રા નામના વેપારીને શેરબજારની ટીપ્સના બહાને શીશામાં ઉતારી ૯૬,૯૭,૭૪૦ની છેતરપીંડી કરનાર ભાવનગરના ત્રણ સહિત ચાર આરોપીની ધરપકડ બાદ આ પ્રકરણમાં સંડોવાયેલ અમદાવાદના વચેટિયાની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે.

કૃણાલભાઈ જંતીભાઈ ચાંદ્રાને ૨૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ મને ઈન્સ્ટાગ્રામમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટની રીલ આવી હતી જેમાં કિક્લિક કરતા વેબસાઈટ ખુલી હતી અને અજાણ્યા નંબર પરથી ફોન આવેલો અને રજીસ્ટ્રેશન કરવાનું કહેતા મેં જરૂરી ડોક્યુમેન્ટ આપી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને ૨૦ હજારનું રોકાણ કર્યું હતું. જેમાં ટીપ્સ આધારે પ્રોફિટ દેખાડતા હતા અને ૩૦૦૦ વીડ્રો પણ કર્યા હતા તે પછી મોટી રકમ વિડ્રો કરવા આરબીઆઈના રૂલ્સ મુજબ ટેક્ષ ભરવો પડશે તેમ કહી ૨૦ હજાર, ૩૦ હજાર, ૧૦ લાખ, ૨૦ લાખ, ૧૮ લાખ સહીત કુલ ૯૬,૯૭,૭૪૦ રૂપિયા ભર્યા હતા બાદમાં એકપણ રૂપિયો પરત આપેલ

થયાનું નહિ જેથી મારી સાથે ઠગાઈ થયાનું જાણવા મળતા ફરિયાદ નોંધાવ્યુ હતી. જે ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી પીઆઈ બી.બી. જાડેજા, પીએસઆઈ પી.જી.ઝાલા સહિતના સ્ટાફે વેપારી સાથે છેતરપીંડી આચરનાર ભાવનગરના રાજુ ઉર્ફે મેમરી વજુભાઈ સોલંકી, યુવરાજસિંહ મહેશભાઈ મોરી,



કિશોર ઉર્ફે કિંઈ કાબાભાઈ ઉલ્વા અને લાઠીના વિજય વજુભાઈ ધનવાણીયાની ધરપકડ કરી હતી. આરોપીઓએ રામ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ઉભી કરી સાયબર છેતરપીંડી આચરતા હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે સાઈબર ક્રાઈમની ટીમે અમદાવાદના મહમદ હનીફ મિયાણાની પણ આજે ધરપડક કરી હતી. પકડાયેલ મહમદ હનીફ ફોડની રકમ આંગડીયા મારફતે મોકલતો હોવાનું ખુલ્યું છે.

# છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોની શાળાની ફીમાં ૫૦-૮૦%નો વધારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાળાઓ ખુલતાની સાથે જ ફી વધારાને લઈને વાલીઓની ચિંતા વધી ગઈ છે. સ્થાનિક વર્તુળોના સર્વેમાં, ૪૪% વાલીઓએ જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં તેમના બાળકોની શાળાની ફીમાં ૫૦-૮૦%નો વધારો થયો છે. આ સર્વેમાં દેશના ૩૦૯ જિલ્લાના ૩૧,૦૦૦ વાલીઓએ ભાગ લીધો હતો. તેમાંથી ૩૮% મહિલાઓ હતી. સર્વેમાં ૯૩% વાલીઓએ કહ્યું કે તેમની રાજ્ય સરકાર શાળાની ફી નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહી છે. સર્વે કહે છે કે દેશમાં ખાનગી શાળાઓની ફી એટલી વધી ગઈ છે કે મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વાલીઓ ઈચ્છે છે કે સરકાર ખાનગી શાળાઓમાં ફી અંગે કડક નિયમો બનાવે.

# પાપી પેટ કા સવાલ...

સૌરાષ્ટ્ર-કચ્છમાં સૂર્ય દેવતા સતત આકરો મિજાજ દેખાડી રહ્યા છે અને ગઈકાલે જ રાજકોટ, સુરેન્દ્રનગર, ભુજ, સહિત છ શહેરોમાં ૪૦ થી ૪૩ ડિગ્રી સુધીનું કાળઝાળ તાપમાન નોંધાયું હતું ત્યારે રાજકોટના બીઆરટીએસસીના રૂટ પર સુરક્ષા કર્મી દ્વારા આકરા તાપથી બચવા છત્રીનો સહારો લેવામાં આવ્યો હતો હજુ ચૈત્ર માસ શરૂ થતા જ તાપમાનનો પારો ૪૦ઓ પહોંચ્યો છે ત્યારે આવનારા દિવસો વધુ કપરા હશે તે વાત નિશ્ચિત છે ધમધોકતા તાપમાનમા કાળી મજૂરી કરતા મજદૂરો અને સુરક્ષા કર્મીઓ માટે પેટનો ખાડો પુરવા શિયાળો ઉનાળો અને ચોમાસુ ગમે તે ઋતુ હોય ફરજ પર હાજર રહેવું પડે છે. ભારતમાં ૬૦% થી વધુ લોકો ગરીબીની રેખાની નીચે જીવી રહ્યા છે ત્યારે પોતાનું અને પરિવારનું બે ટંકનું ભોજન ઉપલબ્ધ કરાવવા ગમે તે ઋતુમાં ફરજ બજાવી પડે છે તહેવારના માહોલ વચ્ચે પણ સુરક્ષા કર્મીઓ અન્ય લોકો શાંતિથી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

તહેવારને માણી શકે તે માટે ખડે પગે રહે છે. ખડે પગે ફરજ બજાવતા હજારો સુરક્ષા કર્મીઓ માટે સરકારે આગળ આવવું જરૂરી છે. આવા સુરક્ષા કર્મીઓને હજારો સલામ

# રાજકોટ ગ્રામીણમાં હાઈપરટેન્શનના ૫૫૯૧ અને ડાયાબીટીસના ૪૨૫૨ દર્દીઓ શોધાયા

## નોન-કોમ્યુનિકેબલ ડીસીઝ પ્રોગ્રામ હેઠળ સ્પેશિયલ મેગા ડ્રાઈવ યોજાઈ : બંને રોગ ધરાવતા ૨૧૧૪ દર્દીઓ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતમાં દર વર્ષે નોન કોમ્યુનિકેબલ ડીસીઝના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારના રોગોનું સમયસર નિદાન થાય, તે હેતુસર હીડન કેસ શોધવા ખાસ મેગા ડ્રાઈવ કેમ્પેઈન તા. ૨૦ ફેબ્રુઆરીથી તા. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી કાર્યરત હતું. આ રાષ્ટ્રીય કાર્યક્રમ અન્વયે ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજકોટ જિલ્લામાં પ્રશંસનીય કામગીરી થઈ છે. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદના નેતૃત્વમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શન મુજબ નોન-કોમ્યુનિકેબલ ડીસીઝ પ્રોગ્રામ હેઠળ સ્પેશિયલ મેગા ડ્રાઈવ કેમ્પેઈનની કામગીરી કરાઈ છે. રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હાઈપરટેન્શન (બી.પી.)ના કુલ ૧,૯૪,૧૨૨ લોકો અને ડાયાબીટીસના કુલ ૧,૯૨,૨૬૯ લોકોનું સ્ક્રીનિંગ કરાયું હતું. જેમાંથી કુલ ૫૫૯૧ લોકો હાઈપરટેન્શન અને કુલ ૪૨૫૨ લોકો ડાયાબીટીસ ધરાવે છે અને આ બંને રોગ હોય, તેવા ૨૧૧૪ નવા દર્દીઓ શોધાયા છે. જે પૈકી હાઈપરટેન્શનના કુલ ૪૩૮૧ લોકો અને ડાયાબીટીસના કુલ ૩૪૫૨ લોકો અને બંને બીમારી હોય તેવા ૧૮૯૩ દર્દીઓની સારવાર શરૂ કરાઈ છે અને અન્ય દર્દીઓની સારવાર શરૂ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ સઘન ઝુંબેશ દરમિયાન બિનચેપી રોગના ઝડપી નિદાન માટે કેમ્પ, ત્વરિત સારવાર, લોકજાગૃતિ માટે શિબિર, પત્રિકા વિતરણ, બેનર-






હોર્ડિંગ્સ લગાવવા વગેરે કામગીરી કરાઈ છે. તેમજ વિવિધ આરોગ્ય સંસ્થા ખાતે ૩૦ વર્ષથી વધુ વયના નાગરિકોને વિના મૂલ્યે ડાયાબીટીસ, બ્લડપ્રેશર અને કેન્સરની પ્રાથમિક તપાસ કરાઈ છે. ત્યારે આરોગ્ય સેવાઓનો લાભ લેવા જાહેર જનતાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની યાદીમાં અનુરોધ કરાયો છે.

# જન્મજાત હ્રદયની બીમારીથી મુકત કરતો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમઃ લાખોની સારવાર થઈ નિઃશુલ્ક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આલેખન - દિવ્યા ત્રિવેદી

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય યોજના અનેક બાળકો માટે વરદાન રૂપ સાબિત થઈ છે. રાજય સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ જે હાલ રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ તરીકે અમલી છે તેના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોનું સ્ક્રીનીંગ કરી કોઈ પણ બીમારી જણાય તો લાખો રૂપિયાની સારવાર નિઃશુલ્ક કરી આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં આર.બી.એસ.કે. ટીમ દ્વારા કરવામાં આવતી કામગીરીથી વધુ ને વધુ બાળકોને લાભ થાય અને બાળકો તંદુરસ્ત રહે તે માટે જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદર્શનમાં વખતો વખત મીટીંગો યોજી આયોજન અને મુલ્યાંકન કરી ટીમને માર્ગદર્શન આપવામાં આવે છે. ત્યારે જિલ્લાના વધુ એક બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જીવલેણ ખામીથી મુકત કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના મોટીમારડ ગામના ધાર્મિક લોડારીયાને જન્મથી જ હૃદયની કંઈક ખામી હતી. તા.૧૩/૦૯/૨૦૦૯ ના રોજ મજુરી કામ કરતા સુરેશભાઈ લોડારિયાના નાના એવા ગરીબ પરીવારમાં ધાર્મિકનો જન્મ થયો હતો. તા. ૦૮.૦૮.૨૪ના રોજ ધોરાજીની આર.બી.એસ.કે ટીમના ડો.ગૌતમ મકવાણા અને ડો.હિરલ ઠુંમરે મોટીમારડ ખાતે તાલુકા પ્રાથમિક શાળાની વિઝીટ કરતા ધાર્મિકના સ્વાસ્થ્યનું સ્ક્રિનિંગ કર્યું તો તેને હૃદયની કોઈ ખામી હોવાનું જણાયું હતું. આથી ડી.ઈ.આઈ.સી. સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે તેની સઘન ચકાસણી કરાવવા જણાવ્યું હતું. રાજકોટ ખાતે તેને હૃદયની ખામી હોવાનું સચોટ નિદાન થતાં વધુ સારવાર માટે ધાર્મિકને યુ.એન. મહેતા હોસ્પિટલ- અમદાવાદ ખાતે લઈ જવા પરિવારને જણાવ્યું ત્યારે આ સાંભળી ધાર્મિકના માતા-પિતા અત્યંત દુઃખી થઈ ગયા હતા સાથે જ આર્થિક ચિંતા



પણ સતાવવા લાગી હતી... આ સમયે આર.બી.એસ.કે. ટીમ અને સિવીલ હોસ્પિટલના ડોકટરોની ટીમે પરિવારને ધરપત આપી શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે જણાવ્યું હતું. સારવારનો તમામ ખર્ચ સરકાર ઉઠાવશે આ સાંભળી ધાર્મિકના માતા-પિતાને હાશકારો થયો હતો અને સારવાર લેવા સંમત થયા હતા.

ધાર્મિકને તા. ૦૯.૦૨.૨૫ ના રોજ યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ સંદર્ભ કાર્ડ ભરી રીફર કરવામાં આવ્યો હતો. જયાં તા. ૧૧.૦૨.૨૫ના રોજ નિષ્ણાત ડોકટરોની ટીમે સર્જરી કરી ધાર્મિકની હૃદયની ખામી દૂર કરી હતી. તા. ૦૭.૦૩.૨૫ના ધાર્મિકની ફોલો અપ તપાસ કરતાં ધાર્મિક સંપૂર્ણ સ્વસ્થ જાણવા મળ્યો હતો. ધાર્મિકના પિતા સુરેશભાઈ લોડારિયા અને તેના પરિવારે આર.બી.એસ.કે. ટીમ, સીવીલ હોસ્પિટલના ડોકટરો અને યુ.એન. મહેતા હોસ્પિટલના ડોક્ટરો તથા સરકારનો આભાર માન્યો હતો.

# ગીર સોમનાથમાં ગેરકાયદે ફટાકડા વેચાણ ઝડપાયું

## એલસીબીએ ૫ વેપારીઓ પાસેથી ૪.૧૮ લાખના ફટાકડા કર્યા જપ્ત

**મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના**

ગીર સોમનાથ જિલ્લામાં પોલીસે ગેરકાયદેસર ફટાકડાનું વેચાણ કરતા ૫ વેપારીઓ સામે કાર્યવાહી કરી છે. જુનાગઢ રેન્જ આઈજીપી નિલેશ જાજડીયા અને જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા અને પીએસઆઈ એ.સી. સિંધવની ટીમે પેટ્રોલિંગ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. પોલીસે લાયસન્સ વગર ફટાકડા વેચતા વેપારીઓ સામે ઈગજ ૨૦૨૩ની કલમ ૨૮૭ અને સ્ફોટક અધિનિયમ ૧૮૮૪ની કલમ ૯(બી) હેઠળ ગુનો નોંધ્યો છે.

પકડાયેલા વેપારીઓમાં ઉનાના દિલીપભાઈ ચૌહાણ પાસેથી ૭૦,૧૫૫ રૂપિયાના, ભાવેશભાઈ પુરોહિત પાસેથી ૨,૧૧,૬૫૦ રૂપિયાના, પરસોત્તમભાઈ બારૈયા



પાસેથી ૯૯,૧૫૧ રૂપિયાના, વેરાવળના તુલસીભાઈ વાયલુ પાસેથી ૧૧,૮૮૦ રૂપિયાના અને ગીરગઢડાના કમલેશભાઈ કામવાણી પાસેથી ૨૫,૧૯૦ રૂપિયાના ફટાકડા જપ્ત કરવામાં આવ્યા છે. કુલ ૪,૧૮,૦૨૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ કામગીરીમાં એલસીબીના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ટીમમાં એએસઆઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સહિતના સ્ટાફનો સમાવેશ થાય છે.

# લોકમેળાનું સ્થળ બદલવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કવાયત આરંભી દેવાઈ

## રાજકોટ, લોધીકા અને પડધરી તાલુકા મામલતદાર પાસેથી સમથળ જમીનની માહિતી મંગાવતા પ્રાંત અધિકારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા જન્માષ્ટમીના તહેવારોમાં આયોજિત કરાતા લોકમેળાનું સ્થળ બદલવા માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફરી કવાયત આરંભી દેવામાં આવેલ છે.

આ અંગે પ્રાંત અધિકારી દ્વારા રાજકોટ ઉપરાંત લોધીકા અને પડધરી તાલુકા મામલતદાર પાસેથી સમથળ જમીનની માહિતી મંગાવવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે જન્માષ્ટમીના લોકમેળાનું સ્થળ બદલવા માટે ગત વર્ષે પણ વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવેલ હતા.

પરંતુ સમથળ જમીન મળી ન હતી. ગત વર્ષે ભારે વરસાદ અને વાવાઝોડાના પગલે લોકમેળો રદ કરવાની વહીવટી તંત્રને ફરજ પડી હતી. અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રની ભાતીગળ લોક સંસ્કૃતિની ઝલક દર્શાવતો લોકમેળો વર્ષો પૂર્વે શાસ્ત્રીમેદાનમાં યોજવામાં આવતો હતો. ત્યારબાદ લોકમેળાનું સ્થળ બદલી રેસકોર્સ ગ્રાઉન્ડમાં લોકમેળો વર્ષોથી યોજવામાં આવી રહ્યો છે.લોકમેળા માટે શહેર વચ્ચેનું રેસકોર્સ ગ્રાઉન્ડ પણ હવે નાનુ પડતું હોય અને લોકમેળામાં અકડઠઠ માનવ મેદની ઉમટી પડતી હોય કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને સાવચેતીના પગલારૂપે લોકમેળાનું સ્થળ બદલવા છેલ્લા લાંબા સમયથી માંગણી ઉઠી રહી છે.

કલેકટર કચેરી ખાતે આયોજીત



થતી ફરીયાદ સંકલનની બેઠકમાં પણ ડો. દર્શિતાબેન શાહ દ્વારા આ બાબતે જીલ્લા કલેકટરને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી.

જેને લક્ષમાં લઈ જન્માષ્ટમીના લોકમેળાનું સ્થળ બદલવા માટે વહીવટી તંત્રે અત્યારથી જ પ્રયાસો શરૂ કર્યા છે. જેમાં પ્રાંત અધિકારી દ્વારા રાજકોટ ઉપરાંત લોધીકા અને પડધરી તાલુકા મામલતદાર પાસેથી સમથળ જમીનની માહિતી માંગવામાં આવી છે.

# દિવ્યાંગ લગ્ન સહાય અને સંત સૂરદાસ યોજનાનો લાભ મેળવવા અરજી કરવા અનુરોધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગોને લગ્ન સહાય અને સંત સૂરદાસ યોજનાનો લાભ આપવામાં આવે છે જેમાં નિયમોમાં ફેરફાર થતા સંત સૂરદાસ પેન્શન યોજનામાં દિવ્યાંગતાની ટકાવારી ૮૦% થી ઘટાડીને ૬૦% કરવામાં આવી છે. આમ હવેથી ૬૦% દિવ્યાંગતા ધરાવતા વ્યકિતને પણ આ યોજનાનો લાભ મળશે. આ યોજના હેઠળ માસિક રૂ.૧૦૦૦/- આર્થિક સહાય આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય યોજના અંતર્ગત એક દિવ્યાંગ વ્યક્તિ અન્ય દિવ્યાંગ વ્યક્તિ સાથે લગ્ન કરે તો દંપતિને (રૂ.૭૫,૦૦૦ + ૭૫,૦૦૦) રૂ. ૧,૫૦,૦૦૦ અને



દિવ્યાંગ વ્યક્તિ સામાન્ય વ્યક્તિ સાથે લગ્ન કરે તો દિવ્યાંગ વ્યકિતને રૂ.૭૫,૦૦૦ સહાય આપવામાં આવે છે. આ બન્ને યોજનાનો લાભ મેળવવા માટે અરજદાર ઓનલાઈન https://esamajkalyan.gujarat.gov.in વેબસાઈટ પરથી તેમજ સમાજ સુરક્ષા કચેરી ખાતેથી પણ અરજી કરી શકશે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બહુમાળી ભવન ગ્રાઉન્ડ ફ્લોર SBI બેંક સામે રાજકોટ ફોન નં. ૦૨૮૧-૨૪૪૮૫૯૦ ઈ-મેઈલઃ- dsdo-rajgujarat.gov.in પર સંપર્ક કરવા, રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ રેલ્વે ડિવિઝને રૂ. ૨૪૫૩.૬૮ કરોડની આવક મેળવીને બનાવ્યો નવો રેકોર્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વેનો રાજકોટ ડિવિઝન ભારતીય રેલ્વે માટે કમાણીની દ્રષ્ટિએ સતત નફાકારક સાબિત થઈ રહ્યો છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડિવિઝને રેકોર્ડ આવક મેળવીને નવો રેકોર્ડ બનાવ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ધ્વજ લહેરાવ્યો છે. રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તેના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને ૨૪૫૩.૬૮ કરોડ રૂપિયાની રેકોર્ડ વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૭૬.૩૪ કરોડ રૂપિયાની વાર્ષિક આવક કરતાં ૮% એટલે કે ૧૭૭.૩૪ કરોડ રૂપિયા વધુ છે. આ ૨૪૫૩.૬૮ કરોડ રૂપિયાની નાણાકીય આવકમાં, માલ પરિવહન માં થી ૨૦૨૫.૨૮ કરોડ રૂપિયા, મુસાફરોની આવકમાંથી ૩૯૮.૧૦ કરોડ રૂપિયા, પાર્સલ સહિત અન્ય સ્રોતોમાંથી ૩૦.૩૧ કરોડ રૂપિયાની આવક થઈ છે. વાર્ષિક આવકની દ્રષ્ટિએ, આ રાજકોટ ડિવિઝનની અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક આવક છે. રાજકોટ ડિવિઝનને ૨૦૨૪-૨૫માં માલ પરિવહન થી રૂ. ૨૦૨૫.૨૮ કરોડની આવક થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૧૮૭૧.૧૨ કરોડ કરતાં ૮.૨૪% એટલે કે રૂ. ૧૫૪.૧૬ કરોડ વધુ છે. આ રાજકોટ ડિવિઝનને માલ પરિવહન માં થી પ્રાપ્ત થયેલ આ અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક આવક છે. રાજકોટ રેલ્વે ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૮૧ મિલિયન મેટ્રિક ટન માલસામાન લોડ કર્યું છે, જેમાં મુખ્યત્વે પેટ્રોલિયમ ઉત્પાદનો, ઔદ્યોગિક મીઠું, કન્ટેનર, ખાતરો, કોલસો, એલપીજી, સોડા એશ, સિમેન્ટ, અનાજ વગેરેનો સમાવેશ થાય છે.

# રાજકોટ શહેર-ગ્રામ્યના કુલ ૨૧ એએસઆઈને પીએસઆઈનું પ્રમોશન

## રાજયના ૨૬૧ એએસઆઈને બઢતીનો આદેશ થતા હરખની હેલીઃ પંદર મહિલા-પુરૂષની ગ્રામ્ય અને શહેરમાં નિમણુંક અપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયના ૨૬૧ એએસઆઈને પીએસઆઈના પ્રમોશન મળતા ઠેર-ઠેરથી શુભેચ્છાનો ધોધ વર્ષી રહ્યો છે. રાજકોટ ગ્રામ્ય અને શહેરમાં ફરજ બજાવતા ૨૧ એએસઆઈને પીએસઆઈનું પ્રમોશન આપી વિવિધ શહેર તથા ગ્રામ્યમાં નિમણુંક અપાઈ છે. ત્યારે રાજકોટ ગ્રામ્યમાં ફરજ બજાવતા માવળીયા રીનાબહેન છગનભાઈને ભાવનગર, મકવાણા મલુબેન દેવાભાઈને જુનાગઢ, જાડેજા હરદિપસિંહ રમુભાની અમદાવાદ શહેર, લાવડીયા ધર્મેશકુમાર ભોજરાજભાઈની બોટાદ સહિતના પાંચ એએસઆઈને પીએસઆઈનું




પ્રમોશન આપી બઢતી અપાઈ છે. તેમજ શહેરમાં ફરજ બજાવતા એએસઆઈ પરમાર પુષ્પાબેન નાનજીભાઈ ભાવનગર વિભાગ, ગજેરા કિંજલબેન વિનુભાઈની સુરત શહેર, પાદરીયા સુધા દામજીભાઈની કચ્છ પશ્ચિમ ભુજ, માઢક કાજલ કિશોરકુમારની બોટાદ, ચાવડા ચેતન મેણંદભાઈ જુનાગઢ વિભાગ, પરમાર ગૌતમભાઈ ખોડાભાઈની સુરત શહેર, જાડેજા જયેન્દ્રસિંહ કનકસિંહની ઈન્ટેલીજન્સ, ગાંધીનગર, કોડીયાતર રાજુ હિરાભાઈની અમદાવાદ શહેર, ખાંભલા દિનેશભાઈ વિરાભાઈની કચ્છ (પૂર્વ) ગાંધીધામ, ખેર ધર્મેશ ભરતભાઈની જુનાગઢ વિભાગ, બાલાસરા ધર્મેશ વિરભાનુભાઈની જુનાગઢ, ચાવડા કેતનભાઈ હરિભાઈની જામનગર, કુંભરવાડીયા મોહિતકુમાર માણંદભાઈની કચ્છ(પશ્ચિમ) ભુજ, વાઘેલા જલદીપસિંહ દિલીપસિંહની અમરેલી, લુવા મહેશ વરજાંગભાઈની અમરેલી, અને બકુત્રા અમિતા વનરાજભાઈની ભાવનગર સહિતનાને પ્રમોશન આપી બઢતી કરાઈ છે. અને પંદર મહિલા/પુરૂષની ગ્રામ્ય શહેરમાં નિમણુંક કરાઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આજીવન સજા પામેલ ભાવેશ ફુગશીયાનો જામીન ઉપર છુટકારો

## સેશન્સ અદાલત ધ્વારા આજીવન કેદની સજા એક મહિના પહેલા કરવામાં આવેલ હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તા.૨૫/૪/૨૦૧૩ ના રોજ કલ્પેશભાઈ વિરજીભાઈ કાકડીયા ધ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ કે તેઓ તા.૨૫/૪/૨૦૧૩ ના રોજ સવારે ૧૨-૩૦ વાગ્યે તેઓના ઘરેથી નીકળી મુરલીધર ડેલા પર આવેલ અને ધંધો ચાલુ કરેલ હતો ત્યારબાદ બપોરના આરામ કરવા ડેલમાં હતા ત્યારે ૨-૦૦ વાગ્યાની આસપાસ હાથમાં હથીયારો સાથે આવેલ જેમાં તલવાર હતી તે માણસ ૩૫ નો હતો તેમજ બે માણસો પાસે લાકડાના ધોકા તેમજ એકની પાસે પાઈપ હતો આ ચારેય વ્યક્તિઓએ કાંઈ કહયા વગર ફરીયાદીને માર મારવા લાગેલ અને તલવારવાળા ભાઈએ ડાબા પગમાં તેમજ જમણા પગે ઢીચણના નીચે નળાના ભાગે માર મારેલ તેમજ બીજા ઈસમોએ લાકડી અને પાઈપ વડે માર મારેલ હતો આ વખતે આ લોકોની સાથે બીજા બે માણસો આવેલ જેમાં તેઓએ જોયેલ કે ભાવેશ રઘુભાઈ ફુગશીયા તથા ભરત રઘુભાઈ ફુગશીયા હતા અને તેઓએ ઉપરોક્ત લોકોને મારો મારો કહેલ હતું. ત્યારબાદ તેઓનું વિશેષ નીવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ કહેલ કે ભરતએ તલવાર માર મારેલ તથા ભાવેશએ લાકડાના ધોકા વડે માર મારેલ હતો. જે અનુસંધાને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ધ્વારા આઈ.પી.સી. કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૫, ૩૨૩, ૪૪૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો નોંધેલ ત્યારબાદ સદરહું ગુન્હા અનુસંધાને આઈ.પી.સી. કલમ ૩૦૭ નો ઉમેરો કરેલ હતો. જેમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ધ્વારા જગદીશ દેવાયતભાઈ ફુગશીયા , મહાવીરસિંહ ઉર્ફે લાલો ચંદુભા જાડેજા ,જેન્તીભાઈ વાઘજીભાઈ જંજવાડીયા ,ભરત રઘુભાઈ ફુગશીયા ,ભાવેશ રઘુભાઈ ફુગશીયા ,ધર્મેશ બકુલભાઈ જીંજુવાડીયા વિગેરેની ધરપકડ કરેલી હતી.આ ગુન્હામાં ચાર્જશીટ થતા કેસ ચાલી જતા સેશન્સ અદાલત ધ્વારા ભરત રઘુભાઈ ફુગશીયા તથા ભાવેશ રઘુભાઈ ફુગશીયાને ઉપરોક્ત કલમો અન્વયે આજીવન કેદની સજા તથા દંડ કરવામાં આવેલ હતો.



ત્યારબાદ ઉપરોક્ત આરોપીઓ પૈકી ભાવેશ રઘુભાઈ ફુગશીયા ધ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ અને જે અપીલ અનુસંધાને તેઓ ધ્વારા જામીન પર છુટવા માટે રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજીમાં એવી રજુઆત કરવામાં આવેલ કે હાલના અરજદાર આરોપીએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું ચાર્જશીટ જોતા જણાય આવતું નથી કે તેવો કોઈ પુરાવો પણ મળી આવેલ નથી તેમજ ફરીયાદીની ફરીયાદ મુજબ ભાવેશભાઈએ કોઈ હથીયાર વડે હુમલો કરેલ હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી તેમજ આઈ.પી.સી. કલમ ૩૦૭ ના કોઈ તત્વો પુરાવા જોતા જણાય આવતા નથી. ફરીયાદીને જે ઈજાઓ હતી તે ફેકચરનીઈજાઓ હતી તેમજ ફરીયાદીને થયેલ ઈજાઓ મૃત્યુ નીપજાવવા માટે પુરતી ન હતી તેમજ કોઈપણ વ્યકિતને ગેરકાયદેસર મંડળીમાં સજા કરવા માટે ૫ તથા વધુ વ્યકિત હોવી જરૂરી છે જયારે હાલના કેસમાં ૨ વ્યકિતઓને સજા કરવામાં આવેલ છે. જેથી ગેરકાયદેસર મંડળીના કોઈ જ તત્વો ફલીત થતા નથી તેમજ ટ્રાયલ કોર્ટ ધ્વારા અન્ય આરોપીને જયારે શંકાનો લાભ આપીને છોડી મુકવામાં આવેલ હોય ત્યારે હાલના આરોપીઓ ધ્વારા સજા કરવામાં આવેલ હોય તેવું કહી શકાય નહી તેમજ ફરીયાદીને એવી ગંભીર ઈજાઓ થયેલ નથી કે જેનાથી તેનું મૃત્યુ નીપજે તેમજ આરોપી ભાવેશ ફુગશીયાએ કોઈ હથીયાર વડે માર મારેલ હોય તેવું ક્યાંય જણાય આવતું નથી.

આ કેસમાં આરોપી વિરુધ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરી શકેલ નથી, આરોપીઓની સામે માર મારવાના હેતુ નો પણ પુરાવો સાબીત થતો નથી મહત્વના સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. અને કાયદાકીય મુદાઓની દલીલો કરવામાં આવેલ હતી અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા. ઉપરોક્ત બચાવપક્ષની દલીલો, અને કાયદાકીય આધારો અને સેસન્સ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓ ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી ભાવેશ રઘુભાઈ ફુગશીયાને રૂા.૧૦,૦૦૦/- ના અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરેલ છે.

આ કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિરાટભાઈ પોપટ તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર રોકાયેલ હતા.

# વીરપર પાસેથી દેશી દારૂના જથ્થા સાથે રૂા.૧૨.૨૭ લાખનો દેશી દારૂનો જથ્થો ઝડપાયો

## બે કારની તલાશી લેતાં રાજકોટના ૩ શખસો દારૂના જથ્થા સાથે ઝડપાયા



ભાડલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.એસ. સિસોદિયા તથા કોન્સ્ટેબલ નિલેશભાઈ ઝાપડિયા, સિધ્ધરાજસિહ ડોડીયા, જયેશભાઈ ચાવડા, મહેશભાઈ ગઢાદરા, દશરથભાઈ કાકડીયા, ગોવિદભાઈ ધાધલ, હરેશભાઈ ચાવડા, સહદેવસિહ ચૌહાણ વીરપર ચોકડી પાસે ચેકિગની કામગીરી ચાલતી હોય ત્યારે બે સ્વીફ્ટ કાર તલાસી લેતાં જેમાં દેશી દારૂનો જથ્થો મોટા પ્રમાણમાં ઝડપી લીધો હતો. બે સ્વીફ્ટ કારમાં દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ત્રણ આરોપીને પોલીસે ઝડપી લીધા હતા. જેમાં પ્રકાશ ચૌહાણ (રહે. રાજકોટ), હિરેન રાજપરા (રહે.રાજકોટ), વસંત ગણાત્રા (રહે. રાજકોટ) ત્રણ આરોપીને ઝડપી લીધા હતા. જ્યારે અન્ય આરોપી સંજય જંજરીયા, વિક્રમભાઈ, યોગી ગોહિલને ઝડપી લેવા પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં દેશી દારૂ ૧૬૦૦ લીટર એની કિંમત ૩૨૦૦૦૦, મોબાઈલ ફોન નંગ ત્રણ જેની કિંમત ૭૦૦૦, મારુતિ કંપનીની કાર ગાંધીનગર ૨ જેના ૯ લાખ કુલ મુદ્દામાલ ૧૨૨૭૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વધુ તપાસ ભાડલા પોલીસ પીએસઆઈ જે.એચ સિસોદિયા ચલાવી રહ્યા છે.

# શાપરમાં બાળકના મોત અંગે ખુલાસો:રેલવે ટ્રેક નજીક રિલ્સ બનાવવા જતા ઘટના ઘટી હોવાનું સામે આવ્યું

## ટ્રેનમાંથી પાણીની બોટલ ફેકતા તરૂણના મૃત્યુ મામલે બે શકમંદની અટકાયત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપરમાંથી પસાર થયેલી ટ્રેનમાં સવાર એક મુસાફરે જોરથી બહાર પાણીની બોટલ ફેંકી હતી, જે સીધી છાતીમાં વાગતાં તરુણ મૃત્યુ નીપજયું હતુ.શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારીથી મૃત્યુ નીપજાવવાની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.આ ઘટનામાં નવો ખુલાસો થયો છે જેમાં આ તરુણ અને તેમના મિત્રો બગીચામાં રિલ્સ બનાવતા હતા અને આ સમયે તેઓ રિલ્સ બનાવવા. રેલવેના પાટા સુધી પહોંચી ગયા હતા અને તે સમયે રેલવેમાં બેઠેલા બે વ્યક્તિએ પાણીની બોટલ ફેંકતા તરુણને છાતીમાં વાગતા ત્યાં લોહી જામી ગયું હતું અને તરુણનો મોત નીપજ્યું હતું. આ બારામાં પોલીસે બે શકમંદની અટકાયત કરી છે અને હાલ પૂછપરછ કરવામાં આવી રહી છે.

મૂળ મધ્યપ્રદેશનાં સંતોષભાઈ ગોડઠાકર શાપરનાં ગણેશનગર વિસ્તારમાં રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. તેનો ૧૪ વર્ષનો પુત્ર બાદલ ગઈકાલે બપોરે અન્ય ચારથી

પાંચ મિત્રો સાથે શાપરમાં આવેલા મસ્કત ફાટક તરીકે ઓળખાતા વિસ્તારમાં ગયો હતો, જયાંથી પસાર થતાં રેલવે ટ્રેક નજીક બાદલ અને તેનાં મિત્રો બેઠા હતાં. બપોરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ વેરાવળ - બાંદ્રા ટ્રેઈન પસાર થઈ હતી. જેમાં બેઠેલા અજાણ્યા મુસાફરે જોરથી પાણીની બોટલ બહાર ફેંકી હતી. જે સીધી બાદલની છાતીનાં ભાગે વાગતાં તે ત્યાં જ ઢળી પડયો હતો. તેને તત્કાળ શાપરનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો. જયાં ફરજ પરનાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જાણ



થતાં શાપર પોલીસ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પહોંચી હતી. શરૂઆતમાં પોલીસને હાર્ટએટેકથી મોત નીપજવાની શંકા ગઈ હતી.જેનું સમાધાન કરવા પોલીસે સીસીટીવે ફૂટેજ જોતા ચાલુ ટ્રેનમાંથી એક મુસાફરે ફૈંકેલી પાણીની બોટલ છાતીમાં વાગતા બાદલ ઢળી પડયાનું જોવા મળ્યું હતું.પરિણામે શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારી દાખવી, મૃત્યુ નિપજાવવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આરોપી મુસાફરની ઓળખ મેળવી શાપર પોલીસના પીએસઆઈ આર.ડી.સોલંકી આ અને સ્ટાફે બે શકમંદને સકંજામાં લઈ પૂછપરછ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું કે, મૃતક તરુણ અને તેમના મિત્રો જ્યાં ઘટના બની ત્યાં નજીકના બગીચામાં રિલ્સ બનાવતા હતા અને આ સમય દરમિયાન ટ્રેન આવવાનો અવાજ આવતા તેઓ રેલવેના પાટા પાસે રિલ્સ બનાવવા પહોંચી ગયા હતા.આ સમયે કોઈ અકસ્માતની ઘટના ન બને માટે તેઓને દૂર કરવા ટ્રેનમાં બેઠેલા મુસાફરે પાણીની બોટલ તેની તરફ ફેંકી હતી અને આ બોટલ તરુણને વાગતા તે ઢળી પડયો હતો.

# દર બુધવારે જ દોઢ લાખની બેન્ક સાથે જામતી જુગાર કલબ પર તાલુકા પોલીસ ત્રાટકી

## મોટામૌવા પાસે રેઈનબો સિટી-૨ના ત્રીજા માળે રાજકોટના ક્લબસંચાલકના આમંત્રણને માન આપી મોરબીના સાત જુગારી રમવા આવ્યા હતાઃ ૧૦.૮૦ લાખની રોકડ સહિત ૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર મોટામવા, અમરનાથ પાર્કમાં આવેલા રેઈનબો સિટી-૨ના ત્રીજા માળે ફ્લેટ નં.૩૦૨માં જામેલી હાઈપ્રોફાઈલ જુગારક્લબ ઉપર તાલુકા પોલીસ મથકના સ્ટાફે દરોડોપાડી ૧૦.૮૦ લાખની રોકડ સહિત ૧૮.૭૩ લાખના મુદ્દામાલ સાથે આઠ જુગારીને પકડી પાડયા હતા. આ જુગારક્લબ દર બુધવારે જ જામતી અને તેમાં દોઢ લાખની બેન્ક મતલબ કે એટલી રકમ સાથે જ જુગારીઓને રમવા દેવામાં આવતાં હોવાનું ખુલ્યું હતું. તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ.હરિપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.એમ.મહારાજ, હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતની ટીમે ઉપરોક્ત ફ્લેટમાં દરોડો પાડી જુગારક્લબ સંચાલક પ્રવીણ હંસરાજભાઈ સંઘાણી, ભાવેશ પ્રવિણભાઈ પારજીયા (રહે. મોરબી), ભરત ગોરધનભાઈ સવસાણી (રહે. મોરબી), શાંતિલાલ ગોવિંદભાઈ ફેફર (રહે. મોરબી), મનોજ દામજીભાઈ દલવાડિયા (રહે. મોરબી), રોહિત ત્રિભોવનભાઈ ભાવરવા (રહે. મોરબી), સંજય બાબુભાઈ જીવાણી (રહે. મોરબી) અને પુનિત માવજીભાઈ કૈલા (રહે. મોરબી)ને પકડી પાડયા હતા.

આ તમામ જુગારીઓ ક્લબ સંચાલક પ્રવિણ સંઘાણીના આમંત્રણને માન આપી જુગાર ખેલવા રાજકોટ આવ્યા હતા. આ ક્લબમાં દર બુધવારે



કે જ્યારે કારખાનામાં રજા હોય ત્યારે જ જુગાર જામતો હતો. વળી, જે જુગારી પાસે દોઢ લાખ હોય તેને જ ફિલ્ડમાં બેસવા દેવાતો હતો. આ ક્લબ બપોરે ત્રણ વાગ્યે શરૂ થઈને મોડે સુધી ધમધમતી હોવાનું પણ ખુલ્યું છે. પ્રવીણ સંઘાણીની આર્થિક સ્થિતિ નબળી હોય સદ્ધર થવા માટે તેણે આ જુગારનો અખાડો શરૂ કર્યો હતો અને બીજી વખત આ ફ્લેટમાં બેઠા હોવાનું રટણ કર્યું હતું. પોલીસે ૧૦.૮૦ લાખની રોકડ, ૯૩ હજારના મોબાઈલ કિયા કંપનીની કાર સહિત ૧૮.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જૂના માર્કેટ યાર્ડ પાસે યુવાનની મિત્રના હાથે છરીના ઘા ઝીંકી હત્યા

## ઘનશ્યામનગરના યુવાનને સંત કબીર રોડના નાલા પાસે મિત્રએ છરીના ઘા ઝીંકાયાઃ આરોપીને રાતોરાત આજીડેમ પોલીસે સકંજામાં લીધો : વાત કરવાના બહાને મિત્રએ બોલાવી છરીના ઘા ઝીંકી દીધાઃ હોસ્પિટલમાં દમ તોડી દીધોઃ પરિવારમાં કરુણ કલ્પાંત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર ઘનશ્યામનગરમાં રહેતાં અને પોસ્ટ ઓફિસમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઈવીંગ કરતાં ૩૬ વર્ષના વિમલભાઈ એંધાણીને રાતે બારેક વાગ્યે સંત કબીર રોડના નાલા પાસે માથા, આંખ ઉપર અને વાંસામાં છરીના ઘા ઝીંકી દેવાતાં ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ વહેલી સવારે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ વિમલભાઈને તેના જ મિત્ર સુનિલ સાથે લાંબા સમયથી ઝઘડો ચાલતો હોઈ ફોન પર બંને ગાળાગાળી કરતાં હતાં. ગત રાતે પણ ફોન પર માથાકુટ થયા બાદ વિમલભાઈને સંત કબીર રોડના નાલા પાસે બોલાવી હુમલો કરાયો હતો. જે જીવલેણ સાબીત થયો હતો.

આ અંગેની વિગતો મુજબ આજીડેમ પોલીસે હત્યાનો ભોગ બનનાર ઘનશ્યામનગર ખોડિયાર મંદિર પાસે રહેતાં વિમલભાઈ ધનજીભાઈ એંધાણી (ઉ.વ.૩૬)ના મોટા ભાઈ મુકેશભાઈધનજીભાઈ એંધાણી (ઉ.વ.૪૫-રહે. રૂડા ટ્રાન્સપોર્ટનગર સાત હનુમાન પાછ)ની ફરિયાદ પરથી હત્યાનો ભોગ બનનાર વિમલભાઈના જ મિત્ર સુનિલ ગોવિંદભાઈ અઘોલા વિરૂધ્ધ બીએનએસની કલમ-૧૦૩ (૧), જીપીએક્ટ ૧૩૫ (૧) મુજબ ગુનો નોંધી સકંજામાં લીધો છે.

મુકેશભાઈ એંધાણીએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ટ્રક હંકારી ગુજરાન ચલાવુ છું. અમે બે ભાઈઓ અને એક બહેન છીએ. જેમાં મોટો હું છું અને મારાથી નાનો વિમલભાઈ હતો. તેના પત્નિનું નામ બીનાબેન છે. વિમલભાઈને સંતાનમાં એક પુત્રી આયુષી (ઉં.વ.૧૨) તથા તથા એક પુત્ર કેવલ (ઉ.વ.૧૧) છે. મારા પિતા હયાત નથી. માતાનું નામ જયાબેન છે. મારો ભાઈ વિમલભાઈ, તેના પત્નિ, બે સંતાન અને મારા માતા જયાબેન એમ બધા કોઠારીયા રોડ પર ઘનશ્યામનગર







ખોડિયાર મંદિરવાળી શેરીમાં રહે છે. મારો ભાઈ વિમલભાઈ પોસ્ટઓફિસની ગાડીનું ડ્રાઈવીંગ કોન્ટ્રાક્ટ બેઝથી કરતો હતો.

રાતે હું કુવાડવા રોડ ડી માર્ટ પાસે મારા મિત્રો સાથે બેઠો હતો ત્યારે મારા ભાભી બીનાબેનનો ફોન આવેલો કે તમારા ભાઈ વિમલને મેં ફોન કરતાં તેનો ફોન ૧૦૮ના ડોક્ટર ઉપાડે છે અને કહે છે કે આ જેનો ફોન છે તેને સંત કબીર રોડના નાલા પાસે પેટ્રોલ પંપ પાસે ઈજા થઈ છે અને અમે તેને સિવિલ હોસ્પિટલે લઈ જઈએ છીએ. ભાભીની આ વાત સાંભળી હું સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો. ત્યારે મારો ભાઈ વિમલભાઈ ઈમર્જન્સી વોર્ડમાં બેભાન હાલતમાં લોહીલુહાણ પડેલો જોવા મળ્યો હતો. તેને માથા પાછળ અને જમણી આંખની ઉપરના ભાગે અને પીઠના ભાગે એમ પાંચ જગ્યાએ તિક્ષ્ણ હથીયારના ઘા જોવા મળ્યા હતાં. સારવાર દરમિયાન મારા ભાઈનું વહેલીસ વારે મોત થયું હતું. મારા ભાઈ વિમલભાઈને કેટલાક સમયથી સુનિલ ગોવિંદભાઈ અઘોલા સાથે માથાકુટ ચાલતી હતી. આ બંને અવાર-નવાર ફોનમાં બોલાચાલી ઝઘડો કરતાં હતાં. સુનિલ અને બીજા કોઈ તપાસમાં ખુલે તેણે મારા ભાઈ વિમલભાઈને સંત કબીર રોડના નાલા પાસે બોલાવી છરી કે તિક્ષ્ણ હથીયારના ઘા મારી દીધા છે અને તેના કારણે તેનું મોત થયું છે. પીઆઈ એ. બી. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એ.આર. રાઠોડ સહિતે ગુનો નોંધ્યો હતો. પીએસઆઈ જે. જી. રાણા, લક્ષ્મણભાઈ મકવાણા, મેરૂભા ઝાલા સહિતે વિશેષ કાર્યવાહી કરી હતી. ડી. સ્ટાફની ટીમે રાતોરાત આરોપી સુનિલને સકંજામાં લઈ પુછતાછ હાથ ધરી છે. આ બનાવથી એંધાણી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો

# મવડી મનપાના સ્પોર્ટ્સ સંકુલના સિક્યુરિટી ગાર્ડનું હાર્ટ એટેકથી મોત

શહેરમાં હાર્ટ એટેકનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. મવડી રામધણ પાસે મનપાના સ્પોર્ટસ સંકુલમાં સિક્યુરીટી ગાર્ડની તરીકે ફરજ બજાવતા આધેડને ચાલુ નોકરીએ બેભાન થઈ ઢળી પડયા હતા જેમને તત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા હતા. આ અંગેની વિગતો મુજબ, મવડીમાં નવલનગર સોસાયટી શેરી નં ૯ માં રહેતા કિશોરભાઈ નારાયણભાઈ ડાભી (ઉ.વ.૫૯) નામના આધેડે ગઈકાલે રામધણ નજીક આવેલા મનપાના સ્પોર્ટસ સંકુલ ખાતે સિક્યુરીટીની નોકરી પર હતા ત્યારે વહેલી સવારે અચાનક બેભના થઈ ઢળી પડયા હતા. આધેડને તુરંત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ઈમર્જન્સી વિભાગના તબીબોએ આધેડને મૃત જાહેર કર્યા હતા. પી.એમ.માં કિશોરભાઈનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હોવાનું જાણવા મળ્યું હતું

# જીવરાજ પાર્કમાં પૈસાની લેતીદેતી પ્રશ્ને સોની વેપારી પર પૂર્વ ભાગીદારનો હુમલો

જીવરાજ પાર્ક નજીક રહેતા સોની વેપારી પર પૈસાની લેતીદેતી મુદે પુર્વ ભાગીદારે જ લોખંડ સળિયા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા પોલીસે ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ જીવરાજ પાર્ક પાસે સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ આર્યશ્રી રેસિડેન્સી બ્લોક નં. ૩૪માં રહેતાં અને પેલેસ રોડ પર રાજ પ્લાઝમા સોની કામની દુકાન ધરાવતા મયુર ગિરીશભાઈ સાગરે તાલુકા પોલીસ મથકમાં દિપક શાંતિભાઈ ધકાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, કોરોના કાળમાં તેણે દિલીપ સાથે સોની કામનો ભાગીદારીમાં ધંધો કર્યો હતો જેના પાંચેક મહિના બાદ ભાગીદારી છુટી કરી દીધી હતી. ત્યારથી આરોપી દિપક તેમને અવારનવાર પૈસા આપવા બાબતે ફોન કરતો હતો. બુધવારે રાત્રિના ૧૨.૩૦ વાગ્યા આસપાસ મયુરભાઈ કાલાવડ રોડ પર રજવાડી ચાની હોટલ પાસે હતો ત્યારે મિત્ર દિપક ધકાણનો ફોન આવ્યો અને કહેવા લાગેલ કે મને મારા પૈસા આપી દે, જેથી ફરિયાદીએ તને કોઈ રૂપિયો આપવાનો થતો નથી તેમ કહેતાં તેણે ગાળો દઈ તું ઘરે આવ તેમ કહ્યુ હતુ. જેથી ફરિયાદી આરોપીના ઘર પાસે જતા જ દિલીપ પોતાના હાથમાં લોખંડનો સળિયો સંતાડીને લઈ આવેલ આને અચાનક મયુરભાઈને માથામાં ઝીંકી દીધો હતો. ઘટના અંગે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના તત્કાલીન કોન્સ્ટેબલને લાંચ કેસમાં ૧૨ વર્ષ પછી એક વર્ષની સજા

## વર્ષ ૨૦૧૩માં અરજીના આધારે કાર્યવાહી ન કરવા ૧૫ હજારની લાંચ માંગતા એસીબીએ ગાંધીગ્રામના પોલીસમેનને પકડી પાડયો હતો



ગાંધીગ્રામ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૩ માં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલે ફરિયાદી વિરુદ્ધ મળેલી અરજીમાં કોઈ કાર્યવાહી ન કરવા માટે ૧૫ હાજરની લાંચ માંગતા એસીબીએ છટકું ગોઠવીને રંગેહાથ પકડી લીધી હતી.જે કેસમાં અદાલતે આરોપી ફિરોઝબીન અહેમદબીન આરબને એક વર્ષની કેદ અને ૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ કેસની હકીકત મુજબ, વર્ષ ૨૦૧૩માં ફરિયાદીએ મિત્રને તેમના ટ્રાવેલ્સના ધંધા માટે બે લાખ હાથ ઊંચીના આપ્યા હતા જેની વારંવાર ઉઘરાણી કરવા છતાં પણ મિત્રએ આ રકમ પરત ન આપીને ઉલટાનું ફરિયાદી વિરુદ્ધ બજરંગવાડી પોલીસ ચોકીમાં આરોપી કોન્સ્ટેબલ ફિરોજબીન આરબને અરજી આપેલ જે અરજી ઈન્વર્ડ નહીં કરી ફરિયાદી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી ન કરવાના અવેજ પેટે કોન્સ્ટેબલ ફિરોજબીને ૧૫૦૦૦ની લાંચની માંગણી કરી હતી. આ રકમ ફરિયાદી આપવા ન માંગતા હોય જેથી તેણે એસીબી પોલીસનો સંપર્ક કર્યો હતો. જે બાદ એસીબી એ છટકું ગોઠવીને લંચની રકમ સ્વીકારતા કોન્સ્ટેબલ ફિરોજબીન આરબને રંગે હાથે ઝડપી તેના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો આ કેસ અદાલતમાં ચાલવા પર આવતા બંને પક્ષો દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલો રજૂઆતો બાદ સરકાર પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવો અને ધ્યાને લઈને આરોપી કોન્સ્ટેબલ ફિરોઝબીન અહેમદબીન આરબને એક વર્ષની કેદ અને ૫ હજારનો દંડ ફટકાર્યો છે.

# કેવલમ રેસીડેન્સી પાસે આવાસના કવાર્ટરમાં પ્રેમિકાએ પ્રેમીના ઘરે જઈ ફાંસો ખાઈ કર્યો આપઘાત

## તે મારી જિંદગી બગાડી, બીજે નિકાહ કરવા ન દીધા તેવી સ્યુસાઈડ નોટ મળતા પરિણીત પ્રેમી વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલી કેવલમ રેસીડેન્સી પાસે આવેલા આવાસ યોજનાના કવાર્ટરમાં પરિણીત પ્રેમીના ઘરે પહોંચી પ્રેમીકાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનામાં યુવતિ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં પ્રેમી વિરુદ્ધ આક્ષેપો કર્યા છે અને તે મારી જીંદગી બગાડી તે બીજે નિકાહ કરવા ન દીધા ચીઠ્ઠી લખી આ પગલુ ભરી લીધું હતું. આ ઘટનામાં પરિણીત પ્રેમી વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવાની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર કેવલમ રેસીડેન્સી પાસે આવાસ યોજનામાં રૂકશાના ઓશમાનભાઈ જુણેજા (ઉ.વ.૩૨)એ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમને સ્થળ પર જ મૃત જાહેર કરી હતી આ અંગે યુનિવર્સિટી પોલીસે મૃતદેહને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. આ બનાવ અંગે પીએસઆઈડી.બી.કારેથા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે. રૂકશાનાબેન એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ છે તેમના પિતા નથી તેમજ રૂકશાના

અપરણીત છે. પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે કે, રૂકશાના ગાયકવાડીમાં રહે છે તે તેમના પરિણીત પ્રેમી રફીક ઉમર ભાણુ જે કેવલમ રેસીડેન્સી પાસે આવાસ યોજનામાં રહે છે ત્યાં રફીક સાથે રૂકશાનાને પ્રેમ સબંધ હોય તે ત્યાં ગઈ હતી અને જ્યારે રૂકશાનાએ પગલું ભર્યુ ત્યારે રફીક તુરંત તેની બહેન નજુમાને કોલ કરી કહ્યું કે તારી બહેને અહીં પગલુ ભર્યું છે. રૂકશાના પાસેથી સ્યુસાઈટ નોટ મળી આવી હતી. તેમાં રફીકને સંબોધીને



કહ્યું કે, તે મને મરી જવાનું કીધુ તુ આખી જીંદગી રાખવાની વાત કરતો હતો તે મારી જીંદગી બગાડી છે તે બીજે નીકાહ કરવા ન દીધા અને રૂક્શાના તુ બીજે લગ્ન કરીશ તો હું મરી જઈશ તેમ કીધુ હતુ સ્યુસાઈડ નોટને આધારે પ્રેમી વિરુદ્ધ પરિણીત પ્રેમી રફીક ઉમર ભાણુ વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવાની ફરિયાદ નોંધાઈ છે.

# ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થતાં મનપાના ૧૩ કોમ્યુનિટી હોલ શહેરીજનોના પ્રસંગો માટે ખુલ્લા મુકાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા તેમજ એસ્ટેટ મેનેજમેન્ટ સમિતી ચેરમેન મગનભાઈ સોરઠીયા એ સંયુક્ત યાદીમાં જણાવેલ છે કે રાજકોટ શહેરના મધ્યમ અને નાના પરિવારનાં લોકો પોતાનાં નાના-મોટા પ્રસંગોના આયોજન કરવા, સુવિધા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવેલ નાગરિકોની સલામતિ માટે રાજ્ય સરકાર દ્વારા થયેલ આદેશના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ કોમ્યુનીટી હોલ ખાતે તમામ



સ્થળોએ ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના કોમ્યુનિટી હોલનું મેનેજમેન્ટ રાજકોટ મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા કરવામાં આવે છે, શાખા દ્વારા રજુ થયેલ માહિતી મુજબ જુદા-જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ પૈકી જેતે સ્થળે આ કામગીરી પૂર્ણ થતી જાય તે કોમ્યુનિટી હોલ નાગરિકોને બુકિંગ માટે તબક્કાવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.